કિંમત ₹ ૫
માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક : ૧૨૫ • સપ્ટેમ્બર ૨૦૧૭



## કાલુપુર મંદિરમાં શ્રી ગણેશોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
















૧. ડીસા (બનાસકાંઠા) ગામે પારાયણ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં પધારેલ ધામો ધામના સંતો હરિભક્તો ૨. જૂનાગઢ મંદિરના સંતના અક્ષરવાસ નિમિત્તે કાલુપુર મંદિરમાં રસોઈ પ્રસંગે સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા જૂનાગઢના સંતો. ૩. કાંકરિયા મંદિરમાં પારાયણ પ્રસંગે સંબોધન કરતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી. ૪. કોટા (રાજસ્થાન) માં મંદિર અને ધર્મશાળાનું પૂર ઝડપે ચાલતું નિર્માણ કાર્ય.


પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ - આજ્ઞાથી

**જન્મસ્થાન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ - છપૈયા**

**૩૧ ઓક્ટોબર થી ૪ નવેમ્બર ૨૦૧૭**



# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર
વર્ષ - ૧૧ ● અંક : ૧૨૫
સપ્ટેમ્બર-૨૦૧૭
(મૂળ વર્ષ ૪૯)



**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Mo. : 9099098969
www.swaminarayan.info
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સુદર્શનચક્ર | ૦૬ |
| ૦૪. | શ્રી સ્વામિનારાયણને ભજો | ૦૮ |
| ૦૫. | પ.પૂ. મહારાજશ્રીના મુખેથી સમયોચિત સંપ્રદાયને હિતકારી અમૃત વચનો | ૧૧ |
| ૦૬. | ભગવાનની મૂર્તિ અને એની સેવા પૂજા લેખાંક-૧ | ૧૪ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૬ |

# અસ્મદીયમ્

**“બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહી. અને વળી ભગવાનના સર્વે અપરાધ થકી ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે. તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહી અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. અને ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે. તેને જે નિરાકાર સમજવા એજ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટી સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા બિરાજમાન છે. (ગ.પ્ર.પ્ર.-૭૧)**

માટે વ્હાલા સર્વે ભક્તોએ એક તો ભગવાનના ભક્તનો દ્રોહ જાણે અજાણે પણ ક્યારેય કરવો નહી અને ભગવાન તો સદા સાકાર છે. અને આપણા સૌના કલ્યાણ અને મોક્ષના દાતા છે.

આગામી આપણા ઉત્સવોમાં દશેરાના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૫ મો પ્રાકટ્યોત્સવ અને દિવાળી સમૂહ શારદા પૂજન નૂતન વર્ષના અન્નકૂટોત્સવ તેમજ ૪ નવેમ્બરના સર્વોપરિ ધામ છપૈયા જન્મસ્થાન મંદિર ઉદ્‌ઘાટન અને ઉત્તર ગુજરાતના હાર્દ સમા કલોલમાં શિખરબધ્ધ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આદિ અનેક મહોત્સવો ધામધૂમપૂર્વક સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં ઉજવાશે. સર્વે હરિભક્તોએ આવા ઉત્સવમાં લાભ લઈ જીવનને સાર્થક અને કૃતાર્થ કરશો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૭)



૩ થી ૫ — શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈસવીલ અને શિકાગો (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ થી ૭ — શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર વુલવીચ (યુ.કે.) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૩ — શ્રી સ્વામિનારાયણ મંદિર ડીસા (બનાસકાંઠા) કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૧૪ થી ૨૨ — શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન (યુ.કે.) ૩૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરીહીલ (અમેરિકા) ૧૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮ થી ૩૦ — શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ (યુ.કે.) ૧૦ માં અને સ્ટ્રેધામ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૭)

૫ થી ૮ — શ્રી સ્વામિનારાયણ મંદિર વુલવીચ (યુ.કે.) પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ થી ૨૪ — શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરીહીલ (અમેરિકા) ૧૦ માં તથા કોલોનીયા મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ થી ૩ — શ્રી સ્વામિનારાયણ મંદિર ગેટવીટ-ક્રોલી (યુ.કે.) ૧૧ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ (યુ.કે.) ૧૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી અને લેસ્ટર અને બોલ્ટન મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી.



# સુદર્શનચક્ર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ચતુર્ભુજ ભગવાન શ્રી વિષ્ણુના જમણા હસ્તમાં સુદર્શનચક્રનાં દર્શન સર્વદા મંગળકારી માનવામાં આવે છે. ભગવાન સદાય સુદર્શન ચક્રને સાથે જ રાખે છે. મહાભારતના યુધ્ધમાં શસ્ત્ર વિના યુધ્ધમાં જવાની પ્રતિજ્ઞા હતી તેમ છતાં અર્જુનની સહાય કરવા સુદર્શનચક્ર ધારણ કરવું પડ્યું હતું. સુદર્શન ચક્રના પ્રસંગો પુરાણોમાં અનંત છે. એટલે સુદર્શન ચક્રની ઉત્પત્તિની કથા જાણવી ખૂબજ જરૂરી છે.

પ્રાચીન સમયમાં એકવાર દૈત્યોએ ગુરુ શુક્રાચાર્યના બળ ઐશ્વર્ય વડે સ્વર્ગની સત્તા મેળવી લીધી, દેવોને સત્તા વિહિન કરીને સ્વર્ગની વૈભવી સત્તાથી વંચિત કરી દીધા. દૈત્યો ગુરુની મદદથી સ્વર્ગની સત્તાને દીર્ઘકાળ સુધી સામ્રાજ્ય ભોગવી રહ્યા હતા. દૈત્યોના શાસનથી દેવો તેજ રહિત બનીને દિશાશૂન્ય થઈ ગયા. તેની અસર મૃત્યુલોકમાં પણ દેખાવા લાગી, સાત્વિક કર્મો બંધ થઈ ગયા અને તામસી કાર્યોની બોલબાલા થવા લાગી.

દુઃખી થયેલા દેવો પિતામહ બ્રહ્માના શરણે જઈ પોતાની વેદના વ્યક્ત કરી. જગતસૃષ્ટા બ્રહ્મા દેવોની સાથે ક્ષીર સાગરના કિનારે ભગવાન શેષશાયી નારાયણના શરણે આવ્યા.

સ્તુતિ પ્રાર્થના કરવા લાગ્યા. તે સાંભળીને કમળનયન લક્ષ્મીપતિ ભગવાન બોલ્યા કે, હે દેવો ! તમારા સર્વેનું આવવાનું કારણ અમને જણાવો ?

ઈન્દ્રાદિ દેવોએ દૈત્યોના ત્રાસમાંથી મુક્ત થવા અને સ્વર્ગની સત્તા મેળવવાની યાચના કરી. દુઃખભંજન ભગવાન બોલ્યા કે, દેવો ! તમારા સહુની વેદનાથી હું પણ દુઃખી છું. તેથી થોડા સમયમાં અમો આપને કષ્ટમાંથી મુક્ત કરીશું.

દૈત્યોના તપોબળ ઐશ્વર્યની શક્તિ જોઈને ભગવાને આ જવાબદારી ભગવાન ભોળનાથ સદાશિવને સોંપવાનો સંકલ્પ કર્યો. નિશ્ચિત રૂપે શિવ સહાય કરશે.

ભગવાન આશુતોષ સદાય ધ્યાનસ્થ મુદ્રામાં રહેતા હોવાથી પૂજન કરી પ્રસન્ન કરવાનો સંકલ્પ કર્યો.

એકવાર પવિત્ર સમય તિથિવાર નક્ષત્ર યોગ કરણના શુભ યોગમાં એક સહસ્ત્ર કમળ પુષ્પદળ લઈને ષોડશોપચાર વડે પૂજન કરી શિવસહસ્ત્ર નામ મંત્રોચ્ચાર વડે કમળદળ અર્પણ કરવા લાગ્યા.

ભગવાન વિષ્ણુ દ્વારા અર્પણ કરાતી પૂજાના કમળદળ સ્વયં ભોળાનાથ મહાકાલ પ્રત્યક્ષ પૂજા અંગીકાર કરતા હતા.

શ્રી વિષ્ણુની પૂજાથી દૈત્યોના સમૂહમાં હાહાકાર થઈ ગયો હતો. પૂજા નિર્વિધ્ન પૂર્ણ થશે તો આપણી સ્વર્ગ સત્તા પણ સમાપ્ત થઈ જશે, માટે કોઈપણ ભોગે પૂજા સાંગોપાઙ્ગ પૂર્ણ ન થાય તેના માટે વિધ્નો ઉભા કરો.

દૈત્યો વિષ્ણુ અને શિવમાં ભેદ પાડવા કે હસ્તક્ષેપ કરવા સમર્થ થાય તેમ ન હતા. તેથી પશુપતિ પરમાત્માનું વાહન ઉંદરને નિમિત્ત બનાવી હજાર કમળના ઢગલામાંથી ઉંદર એક કમળને લઈ ગયો. અને દૂર લઈ સંતાડી દીધું.

લક્ષ્મીપતિ ભગવાનશ્રી વિષ્ણુ શિવસહસ્ત્રનામ મંત્ર વડે કમળદળ અર્પણ કરતાં છેલ્લે એક મંત્ર બાકી રહ્યો અને કમળ પૂર્ણ થઈ ગયાં. કમળતો એક હજાર પુરા હતા અને કેમ ખૂટ્યુ ? અન્તર્યામી ભગવાને જોયું કે ઉંદર કોઈનો શિકાર બની કમળને લઈ ગયો છે. પણ પૂજન કરતાં સંકલ્પથી બંધાયેલા હોવાથી ઉભા થાય તો આખી પૂજા નિષ્ફળ જાય.

સર્વના સ્વામી સમર્થ શ્રી નારાયણ ભગવાને અવશિષ્ટ કમળના બદલે સ્વનેત્ર જમણું નેત્ર કાઢી જ્યોતિશ્વર સદાશિવને અર્પણ કર્યું.

તત્કાળ ભગવાન દેવાધિદેવ મહાદેવ પ્રસન્ન થયા

અને ભગવાને અર્પણ કરેલ નેત્રને પોતાના બ્રહ્મ સ્થાનમાં ધારણ કરી ત્રિનેત્ર બન્યા અને ભગવાન નારાયણને સહસ્ત્ર કમળના બદલામાં સહસ્ત્ર નેત્રનું વરદાન આપ્યું. (ભગવાન સહસ્ત્રાક્ષ બન્યા).

શિવ બોલ્યા કે, પ્રભુ ! સેવા બતાવો આજે આપની મનોકામના પૂર્ણ કરું ?

પાર્વતીપતિ ભગવાન પ્રત્યે વૈકુંઠપતિ બોલ્યા કે, પ્રભુ! દેવોને સંકટમાંથી મુક્ત થવાના ઉપાય આપ મને જણાવો. દૈત્યોનો મદ-ગર્વને નાશ કરવા માટે આપ એકજ સમર્થ છો.

કૈલાશપતિ ભોળાનાથ સ્વયં પોતાના તમામ ઐશ્વર્ય તપ-તેજ-શક્તિના સાર સ્વરૂપ સ્વયં શિવ સુદર્શનચક્ર સ્વરૂપે પ્રગટ થયા. અને તેને ભગવાન શ્રી વિષ્ણુએ નિજ હસ્તકમળમાં ધારણ કર્યું.

ભગવાનના જમણા હાથે સુદર્શન ચક્રનું તેજ જોઈને ભયભીત થઈ દૈત્યો સ્વર્ગની ગાદી છોડીને પલાયન થઈ ગયા. અને દેવોએ સ્વર્ગની સત્તા પુનઃ મેળવીને પ્રસન્ન થયા.

તે દિવસથી ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્રને જમણા હસ્તમાં સ્થાન આપ્યું છે જે શિવના અંશ સ્વરૂપે છે.

સુનો અર્થ શુભ, દર્શનનો અર્થ-દૃષ્ટિ, ચક્રનો અર્થ ગતિશિલતા, બ્રહ્મા, વિષ્ણુ, શિવની સમન્વય શક્તિ સુદર્શન છે.

સુદર્શન સ્વભાવતઃ શુભ અને શાંત છે પરંતુ જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય, ધર્મ પર બાધાઓ કરનારાઓનો પ્રભાવ પ્રબળ બને તથા ભક્તોને જ્યારે જ્યારે સંકટ આવે ત્યારે સુદર્શન ભયાનક કાળ સ્વરૂપે બને છે. સુદર્શન વિષ્ણુરૂપે શાંત રહે છે તો શિવરૂપે ઉગ્ર બને છે.

પુરાણોમાં વળી એક રસપ્રદ કથા છે કે, જગત જનની જગદમ્બા આદ્યશક્તિના એકાવન સ્વરૂપ એકાવન શક્તિપીઠનો પ્રાદુર્ભાવ સુદર્શન ચક્રમાંથી થયો છે. તેમજ દેવીના એકાવન શસ્ત્ર પણ સુદર્શનમાંથી પ્રગટ થયાં છે.

દેવોને પણ દુલર્ભ એવો માણસનો અવતાર તેમાં ભગવાને માણસના શરીરમાં છ ચક્રોની શક્તિ આપી છે. યોગીઓ યોગ માર્ગથી તથા જે તે ચક્રના બીજ મંત્રના જપ વડે શરીરના ચક્રો ગતિશિલ બને અને ઉર્ધ્વ શક્તિનો સદેહે અનુભવ કરી શકે છે.

ભગવાન શ્રી નારાયણ પરબ્રહ્મ પરમાત્માની જે માણસ પવિત્ર ભાવથી મન કર્મ વચનથી નિત્ય પૂજા કરે છે તેની સહાયમાં સુદર્શન ચક્ર અખંડ રહીને ભક્તની સદૈવ સર્વદા સર્વથા સર્વ સમયે રક્ષણ કરે છે.

ભગવાન શ્રી નારાયણના જે જે અવતારો પ્રગટ થાય તે સર્વેના જમણા હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરેલા દર્શન થાય છે તથા ભગવાન વિષ્ણુના શાલિંગરામ રૂપી સ્વરૂપમાં અંદર ચક્રાંકિત હોય છે તે સુદર્શન ચક્ર છે.

શ્રીમદ્ ભાગવતના નવમાં સ્કંધમાં એક કથા છે કે પરમભક્ત અંબરિષ રાજા નિત્ય ષોડશોપચાર વડે શ્રી વિષ્ણુની પૂજા કરતા અને એકાદશીનું વ્રત કરતા હતા. એકવાર દુર્વાશામુનિ પધાર્યા. મુનિ સ્નાનાદિક ક્રિયામાં વધુ સમય રોકાતાં ભૂદેવોએ અંબરિષરાજાને તુલસીપત્ર ચરણોદક વડે પારણા કરવા કહ્યું. તે જોઈને દુર્વાશા કોપાયમાન થયા અને અંબરિષનો ગર્વ હણવા કૃત્યા ઉત્પન્ન કરી ત્યારે ભક્ત અંબરિષ નિત્ય પૂજા કરતા હોવાથી તત્કાળ સુદર્શન ચક્ર રક્ષા કરવા આવી ગયુ અને કૃત્યા તો બળીને ભસ્મ થઈ અને ચક્ર દુર્વાશાની પાછળ પડ્યું. ત્રિલોકીમાં કોઈ બચાવનાર ન મળ્યું ત્યારે શિવની સહાયથી દુર્વાશા મુનિ રાજાઅંબરિષ પાસે આવ્યા અને રાજા અંબરિષની પ્રાર્થના વડે સુદર્શન ચક્ર શાંત થયું. માટે દુર્વાશાના તપોબળની સામે રાજા અંબરિષની પૂજાના બળનો વિજય થયો.

સુદર્શનની સહાય જોઈતી હોય તો ચક્રધારી ભગવાનની નિત્ય પવિત્ર ભાવથી પૂજા કરવી.

સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આશ્રિતોની રક્ષા માટે શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્ર આપ્યું છે. જે શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે છે. જે શિક્ષાપત્રીની નિત્ય પૂજા કરે છે. તે ભક્તની શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્ર સદાય રક્ષણ કરે છે.

જેતલપુરધામમાં બિરાજમાન બળદેવજી મહારાજના હસ્તમાં હળ, મૂશળ, સુદર્શન અને શંખ છે એટલે બે આયુધ રુદ્ર સ્વરૂપના અને બે આયુધ નારાયણ સ્વરૂપના છે. એટલે કે બળદેવજી બે સ્વરૂપે વિદ્યમાન છે. સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલ બળદેવજી મહારાજ ઉભય ઐશ્વર્ય સંપન્ન સ્વરૂપ છે. ભક્તોની સર્વ મનોકામના પૂર્ણ કરે છે.

# શ્રી સ્વામિનારાયણને ભજો

- શાસ્ત્રી નિર્ગુણદાસ
(અમદાવાદ)

॥ स्त्रग्वीणीवृत्तम् ॥

ब्रह्मधामाधिपंत पुंप्रकृत्याक्षिप्तं वन्दितं निज्जर्रैः पण्डितैर्नन्दितम् ।
धार्मिकं स्वामिनं सदगुणं श्रीहरिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥१॥
मानदं कारणं शर्मणस्तारणं सागरादुःखतोजन्मिनां सद्गतिम् ।
ज्ञानिनं ध्यनिनं योगिनं निर्ममं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥२॥
वासुदेव जगत्पावनं सर्वदावारणेन्द्रं यथाधावमानं तथा ।
सत्वरं सिद्धिदं सिद्धिपं सत्पतिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥३॥
देवदेवेशं दयासागरं नागरं श्रीहरं श्रीहरं नीलकंठाभिधम् ।
धर्मवंश्यावनं धर्मरक्षाभवं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥४॥
छुप्पैयावासिनं पद्मसिंहासनं चन्द्रबिम्बाननं कन्दमूलाशनम् ।
तापसं वर्णिनां नैष्ठिकानां गुरूं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥५॥
मस्तकेपिंगलां संदधानं जटां मेखलां मौजिकां चांसयुग्मेकटौ ।
चर्मचेणं सदानन्दकन्दमुदां स्वामिनारायणं हे मनस्त्वं भज ॥६॥
सिंहशार्दुलगौव्यालनागादिभिर्जन्तुभिर्दुर्गमे दुष्टभीकानने ।
पद्यमानं हिमागस्य चानेकशः स्वामिनारायणं हे मनस्त्वं भज ॥७॥
पुष्पहारावलिं दीर्घदोर्दण्डकं वेदवाचं नराकारमण्डस्थितम् ।
कंजशोणाम्बकं मेधनिम्नस्वनं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥८॥
पापहं वर्णिनावासुदेवेन शं स्तोत्रमेतत्कृतं श्रीहरेच्छयाखिलं ।
यः कथेदयः पठेदन्ततः प्रत्यहं मानवः प्राप्नुयान्मंगलं सोऽत्रहि ॥९॥

॥ इति श्रीवासुदेवानंदवर्णिविरचित श्रीहरिस्तोत्रं समाप्तम् ॥




ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી જેમણે શ્રીમદ્ સત્સંગિભૂષણ નામના મહાન ભક્તિ શાસ્ત્રની રચના કરી છે એવા આદિ સદ્‌ગુરુ વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનો પ્રતાપ કેવો છે તેનું વર્ણન કરીને કહે છે. માટે જ હે મન તારે પરમાત્માને છોડીને બીજા કોઈનુંય ભજન કરવાની તારે જરૂર નથી. કારણ કે સત્યુગમાં સ્વયં પરમાત્માએ જીવોને પોતાનું એક અક્ષર વાળું નામ ૐ નો જપ કરવાની આજ્ઞા કરી હતી અને પ્રણવ રૂપ ભગવાન પુરુષોત્તમના દિવ્ય નામનો જપ કરવાથી જીવાત્માના સર્વ કાર્યો સિદ્ધ થતાં હતાં. ત્યાર બાદ સત્યુગ ગયોને ત્રેતા યુગ આવ્યો ત્યારે એજ પરમેશ્વરનું બે અક્ષરો વાળુ રામ નામ જપવાથી જીવ માત્રના સર્વ પ્રકારના કાર્યો પૂર્ણ થતાં હતાં. ત્યાર બાદ ત્રેતાયુગ પણ ગયો અને દ્વાપર યુગ આવ્યો ત્યારે એજ પરંબ્રહ્મ પરમાત્માના સાડા ત્રણ અક્ષરો વાળુ કૃષ્ણ નામનો જપ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થતાં હતાં પરંતુ ત્યાર બાદ દ્વાપરયુગ ગયો અને મહાભયાનક કળિયુગ આવ્યો છે. માટે તેમાં તો એ જ પરમેશ્વરના ષડઅક્ષરી એવા સ્વામિનારાયણ નામના જપ કરવાનું જ સર્વ શાસ્ત્રોમાં કહેલ છે.

ब्रह्मधामाधिपंत पुंप्रकृत्याक्षिप्तं वन्दितं निज्जर्रैः पण्डितैर्नन्दितम् ।
धार्मिकं स्वामिनं सदगुणं श्रीहरिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥१॥

પરમેશ્વરને સદા સર્વદા સાકાર સ્વરૂપે નિવાસ કરવાનું જે સ્થાન વિશેષ તેને ભગવાનનું ધામ શાસ્ત્રોમાં કહેલ છે. અર્થાત્ ભગવાનનું ઘર જેના અનેક નામો છે. જેમ કે ગોલોકધામ, વૈકુંઠધામ, શ્વેતદ્વિપધામ અને અક્ષરધામ એવા નામોથી વર્ણન કરવામાં આવે છે. તે જ અક્ષરધામને બ્રહ્મધામ પણ કહે છે. તે સર્વોપરી અવિનાશી એવા બ્રહ્મધામના અધિપતિ અને પુરુષ અને પોતાની પ્રકૃતિ રૂપ એવા માયાને જગતનું સર્જન કરવામાં જેમણે જોડી રાખી છે

તથા મોટા મોટા દેવતાઓ જેમને સદા વંદન કરે છે. અને વિદ્વાન પંડિતો જેમના ગુણોનું પોતે રચેલાં સત્શાસ્ત્રોમાં વખાણ અને વર્ણન કરે છે કે જોઓમાં સદા ધાર્મિક પણું રહેલ છે અને સર્વ સદ્‌ગુણોનો ભંડાર છે. અને સમગ્ર જગતના સ્વામી અર્થાત્ નિયન્તા છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૧)

मानदं कारणं शर्मणस्तारणं सागरादुःखतोजन्मिनां सद्‌गतिम् ।
ज्ञानिनं ध्यनिनं योगिनं निर्ममं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥२॥

આ જગતમાં માનની ઈચ્છા વાળાને માન આપનારા છે. અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પતિના કારણ છે. જીવોને સંસાર સાગરના મહા ભયાનક દુઃખોથી પાર ઉતારીને તારીને તેનું કલ્યાણ કરે છે અને આતન્તિક મોક્ષ રૂપી મહાન સદ્‌ગતિ પમાડે છે. તેથી જ આત્મા પરમાત્માના સ્વરૂપને જાણનારા જ્ઞાનીઓમાં તેઓ શ્રેષ્ઠ છે. ધ્યાન કરનારાઓમાં અને અષ્ટાંગ યોગની સાધના કરનારાઓમાં તથા મૌન ધારણ કરીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહેનારાઓ પણ જેમને સદા હૃદયમાં ધારણ કરે છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૨)

वासुदेव जगत्पावनं सर्वदावारणेन्द्रं यथाधावमानं तथा ।
सत्वरं सिद्धिदं सिद्धिपं सत्पतिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥३॥

સમગ્ર વિશ્વમાં અંતર્યામી સ્વરૂપે વ્યાપક પણે રહેલાં છે તેથી વાસુદેવ એવા ભગવાન જગતને પાવન અને પવિત્ર કરવા માટે જેમ અશ્વોનો કે હાથીઓનો રાજા ગજેન્દ્ર હમેંશા ચંચળતા પૂર્વક દોડ્યા જ કરે છે તેમ સદા વિચરણ કરતાં એવા ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ તત્કાળ સર્વપ્રકારની સિદ્ધિઓને આપનારા છે. કારણ કે તેઓ જ સ્વયં સર્વ સિદ્ધિઓના પતિ છે. અને સત્પુરૂષોના પણ પતિ છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૩)

देवदेवेशं दयासागरं नागरं श्रीहरं श्रीहरं नीलकंठाभिधम् ।
धर्मवंश्यावनं धर्मरक्षाभवं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥४॥

દેવતાઓના દેવ એવા મહાદેવના પણ ઈશ્વર છે. જીવો ઉપર દયા કરવામાં મોટા સાગર જેવા દયાળુ છે. સમગ્ર વિશ્વમાં અનંત કોટી બ્રહ્માંડોમાં સર્વથી શ્રેષ્ઠ સુખ સંપન્ન છે. જીવોને ધન ધાન્ય અને સંપત્તિ આપીને શોભાવનારા છે. તે જ પરમાત્મા શ્રીનીલકંઠ નામ ધારણ કરીને વનમાં વિચરણ કરે છે. પોતાના પિતા ધર્મદેવનાં વંશની રક્ષા કરવા માટે અને પૃથ્વી ઉપર ભગવત ધર્મની રક્ષા કરવા માટે જેમણે અવતાર ધર્યો છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૪)

छुप्पैयावासिनं पद्मसिंहासनं चन्द्रबिम्बाननं कन्दमूलाशनम् ।
तापसं वर्णिनां नैष्ठिकानां गुरूं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥५॥

ધર્મભક્તિના પુત્ર રૂપે મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટેલાં પરમાત્મા ભગવાન શ્રીહરિ ઉત્તરપ્રદેશના છપૈયા નામના નાનકડા ગામમાં અગીયાર વર્ષ પર્યન્ત નિવાસ કરીને રહ્યા છો તેથી છપૈયાવાસી જ છો. ધર્મદેવના આંગણામાં સુંદર વિશાળ નારાયણ સરોવરમાં ખીલેલાં દિવ્ય કમળના સુશોભિત આસન ઉપર વિરાજમાન થઈને પોતાના એકાન્તિક ભક્તોને દર્શન આપો છો. ત્યારે તમારા આ દિવ્ય માનુષી શરીરમાંથી શાંત શિતળ ચન્દ્રની કિરણોના જેવો પ્રકાશ સર્વત્ર વ્યાપી જાય છે. જગતના જીવ માત્રના હિત માટે વર્ણીના જેવો વેશ ધારણ કરીને વનમાં વિચરણ કરતાં નીલકંઠ વર્ણી સ્વરૂપે કેવલ વનમાં મળતાં કંદ અને વૃક્ષના મૂળીયાનું ભક્ષણ કરીને દેહ ટકાવી રાખતાં. વનમાં રહીને કઠોરને ઉગ્ર તપ કરનારાના અને વિદ્યાભ્યાસ કરવા માટે બટુક વેશ ધારણ કરેલાં વર્ણિઓ અને સંસારના સુખોનો ત્યાગ કરીને મોક્ષ મેળવવા માટે નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારીઓના ગુરૂ અર્થાત્ તેમને આદર્શ આચરણ કરી બનાવનારા છો. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૫)

मस्तकेपिंगलां संदधानं जटां मेखलां मौजिकां चांसयुग्मेकटौ ।
चर्मचेणं सदानन्दकन्दमुदां स्वामिनारायणं हे मनस्त्वं भज ॥६॥

નીલકંઠવર્ણી સ્વરૂપે વનમાં વિચરણ કરતાં નિયમ ધારણ કરીને મસ્તક ઉપર જટાને વધારી પણ તેને સંભાળવાની ક્યારે ચિંતા કરી નથી તેથી પીળા રંગની થઈ ગઈ છે. મુંજના ઘાસની અર્થાત્ ડાભની કટી મેખલાં કંદોરો અને તેનું જ ઉપનયન અર્થાત જનોઈ પણ દર્ભ બેયને સારી રીતે ધારણ કરી રાખેલ છે. અને મૃગચર્મને ધારણ કરી રહેલા છો છતાં મુખ મંડળ ઉપર સર્વદા પરમાનંદનું હાસ્ય

વેરતાં એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૬)

सिंहशार्दुलगौव्यालनागादिभिर्जन्तुभिर्दुर्गमे दुष्टभीकानने ।
पद्यमानं हिमागस्य चानेकशः स्वामिनारायणं हे मनस्त्वं भज ॥७॥

મહા ભયાનક વનમાં જ્યાં અતિ વિકરાળ કેશવાલી વાળા સિંહો, ક્રૂર હિંસા પરાયણ વાઘો, ચમરી ગાયો શિયાળીયાઓ અને અત્યંત વિષૈલાં સર્પો આદિ પ્રાણ ઘાતક જીવજન્તુંઓના સમુદાયની વચ્ચે ઘાટા ભયાનક દુર્ગમ અને દુષ્કર મહાવનમાં ઉઘાડા પગે ચાલીને વિચરણ કરો છો. અને જ્યાં સર્વત્ર બરફાછાદિત છે તેવી હિમાલયની અનેક પ્રકારની ટેકરીઓ અને કોતરોમાં નિર્ભયતાથી વિચરણ કરો છો. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૭)

पुष्पहारावलिं दीर्घदोर्दण्डकं वेदवाचं नराकारमण्डस्थितम् ।
कंजशोणाम्बकं मेधनिम्नस्वनं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥८॥

ઉદ્ધવ સંપ્રદાયની ગાદી રામાનંદ સ્વામીએ સોંપેલ ધર્મધુરાને ધારણ કરીને અસંખ્ય ભક્તોનું સ્વાગત સ્વીકાર્યું છે. અને તે સૌ ભક્તોએ કંઠમાં પહેરાવેલાં પુષ્પોની માળાઓની હારો વિરાજમાન છે. વિશાળ લાંબા આજાન બાહુ બેઉ હસ્ત કમળને ઉંચા કરીને ભક્તોને પોતાના મુખ કમળમાંથી નિકળતાં અમૃતમય વેદ વચનો સાંભળવા માટે સાવધાન કરતાં નરના આકારનો અર્થાત્ પુરૂષના આકારનો મનુષ્ય દેહ ધારણ કરેલાં એવા અને કાળુ કાજળ આંજેલી વિશાળ મોટી મોટી આંખોમાં ભક્તો ઉપર કરૂણામય દયા વર્ષાવતાં અષાઢ માસના ચડી આવેલાં નવા તાજા મેઘ વાદળોના જેવા વર્ણના મનુષ્ય દેહ ધારણ કરી રહેલાં એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૮)

पापहं वर्णिनावासुदेवेन शं स्तोत्रमेतत्कृतं श्रीहरेच्छयाखिलं ।
यः कथेदयः पठेदन्ततः प्रत्यहं मानवः प्राप्नुयान्मंगलं सोऽत्रहि ॥९॥

વર્ણિરાજ બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી કહે છે કે જીવ માત્રના ત્રણેય પ્રકારના પાપોનો નાશ કરનારૂં આ સ્તોત્ર મેં કેવળ ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણની ઈચ્છા માત્રથી કરેલ છે. જે કોઈ આ સ્તોત્રનો પાઠ કરશે ગાશે કે સંભળાવશે તે મનુષ્ય માત્રનું સર્વ પ્રકારે મંગળ કરીને તે સર્વને અર્થાત્ ગાનારા સાંભળનારા અને પાઠ કરનારાને ભગવાન શ્રીહરિ કલ્યાણરૂપ આત્યંતિક મોક્ષ આપીને આલોકમાંથી પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જશે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૯)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ.પૂ. મહારાજશ્રીના મુખેથી સમયોચિત સંપ્રદાયને હિતકારી અમૃત વચનો



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તા. ૧૮-૬-૧૭ ના રોજ આપણા અમદાવાદ (કાલુપુર) મંદિરની ભોજન શાળાના પ્રથમ માળે શ્રી નરનારાયણદેવ દેશના મંદિરોના કોઠારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, યુવક મંડળના આગેવાન હરિભક્તો તેમજ અમદાવાદ મંદિરના મહંતશ્રી વગેરે સંતોની ઉપસ્થિતિમાં એક મિટિંગ રૂપ સભામાં જે અમૃત વચનો કહ્યા હતા તે સમગ્ર સંપ્રદાયને હિતકારી હોય આ લેખમાં સારરૂપે લખું છું.

**પ.પૂ. મહારાજશ્રી :** સભાના એજન્ડામાં સિક્રિટ તો બીજું કંઈ નથી, અમે તમને ઓળખીએ છીએ અને તમે અમને ઓળખો છો, હમણાથી ભેગા થયા નહોતા, તમને થોડી માહિતી આપવી હતી અને એ નિમિત્તે સૌને દેવનું દર્શન થયું. વિદેશમાં ખૂણે ખૂણે તમારા દીકરા-દીકરી ઓ પહોંચ્યા છે. તે દરેકના સંસ્કારો જળવાય રહે, ભગવાનના ભજન ભક્તિનું સુખ મળે તે માટે મંદિરોની પણ એટલી જ જરૂરિયાત ઉભી થતી હોય અમે સતત વિદેશ જતા હોઈએ છીએ. તેમાં બીજો કોઈ સ્વાદ આવતો નથી. **હાલ વિદેશમાં આપણા ૯ મંદિરોનું કામ ચાલું છે. જે પૈકી સાડા પાંચસો એકરનું પણ એક સંકુલ છે જેનું 'દેવસ્ય' એવું નામ છે. જે વિદેશમાં સંપ્રદાયનું એક નઝરાણું થશે. વિદેશના પૈસા આપણે અહીં લાવતા નથી.** સિવાય કે અહીં આવીને કોઈ હરિભક્ત દેવના ઉત્સવ સમૈયામાં પોતાની રીતે યજમાન થાય તેને આપણે ના પાડતા નથી. વિદેશમાં જે મંદિરોની આર્થિક સ્થિતિ સારી છે તે મંદિરો થકી ત્યાં અન્ય મંદિરોના નિર્માણ કાર્યમાં સહાય થાય તેવું આયોજન કરતા હોઈએ છીએ. ત્યાંના આપણા મંદિરોમાં વહીવટમાં જે પ્રેસિડેન્ટ તથા ટ્રસ્ટીઓ વગેરે છે તે પૈકી ૬૦% જેટલા વડતાલ દેશમાંથી તથા ૪૦% જેટલા આપણા દેશના છે.

**અહીં પણ આપણા ૩૫ મંદિરોનું નિર્માણ કાર્ય ચાલુ છે.** જેટલા મંદિરો નરનારાયણદેવના વધારે થાય છે તેટલી અમારી તો જવાબદારી વધે જ છે. પરંતુ તેનું અમને ગર્વ છે. ઘણા મંદિરોના સ્વતંત્ર ટ્રસ્ટો હતા જે આપણે શ્રી નરનારાયણદેવની સંસ્થા સાથે સીધું જોડાણ કરીને વિલીન કર્યા છે. જેમાં સામે પક્ષે પણ સલામતી છે. કારણ કે તમારામાંથી પણ ઘણાં જાણતા હશે કે ભૂતકાળમાં જેઓએ દેવનું હડપ કર્યું છે તેઓની પેઢીઓની પેઢીઓને ભોગવવાનું આવે છે. બધું ગિરવે મુકાઈ ગયું છે. બીજા ૨૦ થી ન થઈ શકે તેટલું કાર્ય અમારા નરનારાયણદેવના એક સાધુ કરી રહ્યા છે. **એક સાધુ સાત-સાત મંદિરો ઉભા કરે છે. અને એ પાછા દેવના જ !** મુનિ સ્વામી ક્યાં ગયા ? હા, ઉભા થાવ ! **કોટા, ભાભર ને દિયોદર** આદિ મંદિરોના નિર્માણ કાર્યની દેખરેખ તેમને સોંપેલી છે ને તેઓ કરે છે.

બીજા કરોડોની સંસ્થાઓ ઉભી કરતા હશે. **પરંતુ પૈસા માંગવા આવે તો પૂછજો તેમજ કાગળ દસ્તાવેજ કે આજ્ઞાપત્ર માંગજો, ન માંગો તો અહીં કોઠારમાં ટેલિફોન કરજો કે તેના છેડા નરનારાયણદેવ સુધી અડે છે કે નહિ ? જો ન અડતા હોય તો માનજો કે તમારી મહેનતથી કમાયેલા પૈસા વ્યર્થ ગયા એટલું જ નહિ મહારાજે કરેલા સંપ્રદાયના બંધારણને તોડવામાં તમારા પૈસા વપરાયા !** તમારે પૈસા પરસેવો પાડીને, મહેનત કરીને આવે છે તમારા દીકરા-દીકરીઓ તમારી પાસેથી ૫૦૦૦/- રૂપિયા માગે તો તમે કેટલો વિચાર કરો છો ! અને ભગવાનના નામે ફટ કરતા આપી દો છો ! તો એ પૈસા ખરેખર દેવ સુધી પહોંચે છે કે નહિ તેનો વિચાર કરજો. અન્યત્ર ઘણા લક્ષ્મીનારાયણ કે ગોપીનાથજી મહારાજના નામે પૈસા ભેગા કરતા હોય છે પરંતુ તપાસ કરો તો ખબર પડે કે તેનો છેડો તો દેવ સુધી અડતો જ નથી હોતો. **કરોડો રૂપિયાની પ્રાઈવેટ સંસ્થાઓ ઉભી કરે છે અને પાછા કહે છે કે અમો તો પૈસાને અડતા જ નથી !**

તેઓની ગાડીઓ જુઓ, ગાડી પ્રમાણે પાછા ડ્રાઈવર પણ સારા પગારથી રાખવા પડે ! ગાડી પાણીથી તો ચાલતી નથી તો આ બધું પૈસા વિના મેનજ ક્યાંથી થાય છે ? એક ભાવિક ભગતે આવા એક કહેવાતા ત્યાગીના ચરણોમાં પચાસ રૂપિયા મૂક્યા. ૫૦ રૂપિયાનો ઘા કર્યો. શા માટે ? ગુરુ પૈસાને અડતા નથી ? હવે આમ પણ કરોડોના આસામીને ૫૦ રૂપિયાની શું કિંમત હોય !! ઘા જ કરેને ! એવી જગ્યાએ તમે વધારે પૈસા આપો તો કદાચ એક હાર પહેરાવશે કે એક વેરાઈટી વાળા ભગવાનની મૂર્તિ આપશે? ભગવાનમાં પણ પાછી ઘણી બધી વેરાઈટી હોય છે.

આપણા જેવા કોઈ સુખી નથી. આપણે તો સ્વર્ગ કે ધામ પણ અહીં જ છે. બીજા જે ભગવાન બની બેસે છે તેને તમે જુઓ છો કે તેના માટે નર્ક પણ અહીં જ ખડું થાય છે. દેહ છોડવાનો થાય એ પહેલા કેટલાય વર્ષો કે મહિનાઓ સુધી નાકમાં કે બીજે જ્યાં ત્યાં નળીઓ ભરાવી હોય, હાથ ઉંચો કરવો હોય તો બીજા ઉંચા કરે ત્યારે થાય, આનાથી બીજું નર્ક ક્યું હોય ! એ જ ભગવાન પહેલા કેટલાય ભક્તોને આશીર્વાદ આપતા હતા તો હવે પોતાના જ આશીર્વાદ પોતાના ઉપર કેમ નથી ચાલતા ? જેને જે કરવું હોય તે કરે, આપણે નથી ભગવાન કે નથી ન્યાયાધીશ ! પરંતુ **નરનારાયણદેવના આશ્રિતની શ્રધ્ધા, વિશ્વાસ કે પૈસા કોઈ અન્યત્ર વાળવાનો પ્રયત્ન ન કરે તેના માટેની આ વાત છે. હું તમારી પાસે પૈસા માગવા નથી આવ્યો. અમારી આ ગાડી, રહેઠાણ, વસ્ત્રો બધું દેવનું છે અને હું પણ દેવનો છું. જે નરનારાયણદેવના થઈને રહ્યા છે તેનો અંતકાળ અમે જોયેલો છે. માખણમાંથી જેમ વાળ ખેંચે તેમ તેનો જીવાત્મા શરીરથી અળગો થઈને પીડા રહિત તેનું શરીર પડી જાય છે. ધર્માદાની જે આજ્ઞા છે જે મહારાજે શિક્ષાપત્રીમાં કરી છે. તેમાં કોઈ ફેરફાર કરી શકે તેમ નથી.** નિત્ય દેવનું દર્શન કે નિત્ય શિક્ષાપત્રી વાંચવી એ આજ્ઞા મહારાજે એટલા માટે જ કરી છે કે આપણે ભૂલી ન જઈએ. કારણ કે માણસનો ભૂલી જવાનો એક સ્વભાવ હોય છે. **એટલે દેવનો ધર્માદો દેવ સિવાય ક્યાંય ન અપાય.** નરનારાયણદેવના મંદિરમાં દાન પેટીમાં તમારો રૂપિયો આવે, આઠ આના આવે કે ૧૦૦, ૫૦૦ કે ૨૦૦૦ આવે છે, તેનો વહીવટ પારદર્શક થાય છે. ઘણાને એમ થાય કે મહારાજશ્રી બહારની બેઠકે ઓછો ટાઈમ આપે છે. અંદરની બેઠકે વધારે ટાઈમ આપે છે. પરંતુ અંદરની બેઠકે બેસીને પણ અમે તમારા રૂપિયાનો વહીવટ જ જોતા હોઈએ છીએ કે પૈસા ક્યાં વપરાયા ! અહીં પૈસાની એફ.ડી. કરવામાં આવતી નથી. જરૂરિયાત વાળા ગામડાઓના મંદિરોમાં કે હરિભક્તોની સવલતો માટે રૂપિયાનો ઉપયોગ ડાયવર્ટ કરવામાં આવે છે. તમે અમારી પાસેથી વહીવટી હિસાબ જોઈ શકો છો. આ વર્ષમાં જ કાલુપુર મંદિરથી ૨૫ કરોડ જેટલા રૂપિયા આપણા બીજા મંદિરો માટે ફાળવ્યા છે.

જેમ આચાર્ય અને સંતોની મહત્તા છે તેમ હરિભક્તોની પણ મહતા હોય છે. તમે કંઈ માયા કાંગલા નથી, આ કંઈ બોડી બામણીનું ખેતર નથી કે તમારી શ્રધ્ધા, વિશ્વાસ અને પૈસાને કોઈ ખોટા માર્ગે ડાયવર્ટ કરવા આવે ! **કોઠારની આજ્ઞા-ચિઠ્ઠી વિના કોઈને સભા પણ ન કરવા દેતા ! સભા પણ જ્યાં આપણું મંદિર હોય ત્યાં મંદિરમાં થાય એ જ આદર્શ રીતિ છે. ગમે ત્યાં ખૂણે ખાંચરે સભા થાય તો તેમાંથી તકલીફો ઉભી થતી હોય છે.** ગમે તે સાધુ કે વ્યક્તિ સભા કરી જાય તો અહીંથી જેને જે વિસ્તાર કે ગામમાં સભા માટે આજ્ઞા કરી હોય તેની આખી વ્યવસ્થા તૂટી જાય છે અને ઘણીવાર એવું પણ બનતું હોય છે કે બીજા ગમે તે આવીને પોતાનો સ્વાર્થ સાધવા માટે સભા કે કથાના માધ્યમથી ભક્તજનોને દેવથી અંતર ઉભું કરીને પોતાનામાં જોડવામાં સફળ થતા હોય છે. વિદેશમાં એક મંદિરમાં પૂર્વે આપણા કાલુપુર મંદિરના મહંત ગયેલા, ત્યાંના પ્રમુખ કહે, અહીં સભા માટે મહારાજશ્રીની આજ્ઞા-ચિઠ્ઠી જોઈશે. પહેલા સતં કહે, પણ હું તો કાલુપુર મંદિરનો મહંત છું. પ્રમુખ કહે, તમે અમદાવાદ મંદિરના મહંત હો કે અક્ષરધામના મહંત હો, નિયમ બધા માટે લાગુ પડે, અમારે તો ચિઠ્ઠી જોઈએ. પેલા સંતે એ સમયે મોટા મહારાજશ્રીને ટેલિફોન કર્યો, મોટા મહારાજશ્રીએ ફેક્સથી આજ્ઞા ચિઠ્ઠી મોકલાવી ત્યારે બે કલાકે મેળ પડ્યો. કહેવાનું એ છે કે એ આગેવાન હરિભક્તને આજ્ઞા પાળવાનો કેટલો ખટકો હશે !

મહારાજનો એક પત્ર ઘણા વર્ષો પહેલા આપણા સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત થયેલો, મહારાજે શુકમુનિ પાસે એ ટાઈમે લખાવેલો. અહીંથી વાંચુ તો ટાઈમ ઘણો જાય પરંતુ સાર એ હતો કે મહારાજે લખાવેલું કે આ તારીખ, તિથિ, સમય પછી અમારા નામથી તમારી

પાસે કોઈ કંઈ માંગવા આવે તો કંઈ આપશો નહી. અગાઉ પત્રમાં જે લખ્યું હતું તેની સમય અવધિ આ સાથે પૂરી થાય છે. આ પત્ર જે વાંચો તેની વિગત તમારે અન્ય હરિભક્તો તેમને પણ જણાવવી. વિચાર કરો ! મહારાજ ને આવું શા માટે લખાવવું પડ્યું હશે ? મહારાજની આજ્ઞાનો ઓથ લઈને કોઈએ છેતરપીંડી એ સમયે કરી હોય તો જ આવું લખવું પડે ને ! એટલે આ અમે કંઈ નવું નથી કહેતા, મહારાજ વખતથી કે તે અગાઉથી પણ આ બધું ચાલ્યું જ આવે છે. તમે વિચાર કરો કે મહારાજને તે વખતે કેવી લાગણી થઈ હશે અને કોઈના ઉપર કુરાજી પણ થયા હોય ત્યારે પોતાના શુધ્ધ આશ્રિતો કોઈનાથી છેતરાય નહિ તે માટે પત્ર લખવો પડતો હોય છે.

આપણા ઉત્સવો પણ જ્યાં સુધી જગ્યાની મોકળાશ હોય ત્યાં સુધી દેવના ખોળે બેસીને થાય તેમાં એક અનેરો આનંદ હોય છે. તમે હમણાં **"ઘનશ્યામ મહોત્સવ"**માં જોયું ને કેવી મઝા આવી ! હવે છપૈયાનો એવો બીજો મહોત્સવ આવશે. (આગળથી કોઈએ મોટા મહોત્સવનું સૂચન કર્યું ત્યારે પ.પૂ. મહારાજશ્રીએ તેના અનુલક્ષમાં કહ્યું કે) તમે અમારી સાથે આવો પછી ખબર પડે કે સમયે બટાટા પૌંઆ પણ ખાવા મળે કે ન મળે ! આપણે તો દાડી દાડી દિવાળી જ છે. કેટલાય ઉત્સવો થયા અને પાટોત્સવના તો નિત્ય ઉત્સવ થાય છે. કમુરતામાં પણ પ્રતિષ્ઠા કરી છે. સાત-આઠ હરિભક્તો આવ્યા, કહે તમે આવું કેમ કર્યું ? અમે કહ્યું કે ભગવાન માટે ક્યાં કંઈ કમૂરતા છે, એ બધું આપણા માટે છે ! ભજન ભક્તિમાં ક્યાં કંઈ કમૂરતા નડે છે ! લોકો પૂનમે ચાલતા જાય છે, અમે આડા દિવસે ચાલતા જઈએ છીએ, ભગવાન તો એના એ જ છે ને ! મોટો ઉત્સવ પણ કરીશું. તમે કંઈક નિમિત્ત શોધી કાઢો.

**કહેવાનું એ જ હતું કે, ગુરુકુળ, ગૌશાળા કે મંદિરોનું નિમિત્ત લઈને કે જેનું જોડાણ દેવ સાથે ન હોય તેવી પ્રાઈવેટ મિલકતો માટે કોઈ પૈસા લેવા આવે તો એવા ધોળા દિવસના લૂંટારાથી ચેતજો, નહીં તો તમને એ લોકો ખલાસ કરી નાંખશે. તમારા પૈસે મોઝ-મઝા તાગડ ધિન્ના કરશે. પરિશ્રમ વિના મફતનો પૈસો આવે તેને તમારા પૈસાની શું કિંમત હોય !** તેના ચેલા પણ ગુરુની જવાની રાહ જોતા હોય છે, ગુરુ વહેલા જાય તો ખજાનો પોતાના હાથમાં આવે. તેવા લોકોને પૈસા આપવા તેના કરતા તમારા દીકરા-દીકરીઓને આપજો, નવા કપડા ખરીદશે, બિચારા રાજી થશે, ક્યારેક તમને પાણીનો ગ્લાસ આપશે. અત્યારની પેઢી બહુ હોંશિયાર છે. તેઓને તમે ક્યારેય આપ્યું ન હોય અને અન્યત્ર આપ્યે રાખો એટલે તેઓ પણ કપાળમાંથી તિલક-ચાંદલો ભૂંસી નાંખશે. માટે તેઓ સત્સંગથી અળગા થાય છે. તેમાં તમારો પણ ક્યાંક પરોક્ષ રીતે ફાળો હોય એવું બની શકે છે. સારો મોબાઈલ ખરીદે તેની પણ ના નથી પરંતુ સદુપયોગ થાય તો સારું બાકી સોશિયલ મિડિયા, વોટસ અપ, ફેસ બુક, યુ ટ્યુબ કે બીજુ હોય તેનો પણ ૯૫% દુરુપયોગ થાય છે. સવાર થાય ને ગુડ મોર્નિંગથી શરૂઆત કરે. મને કોઈ ગુડ મોર્નિગ લખીને મેસેજ મોકલાવે તેના નંબરને હું બ્લોક જ કરી દઉં છું. **કઈ જગ્યાએ કેવી રીતે સોશિયલ મિડિયાનો ઉપયોગ કરવો એ એક વિવેક બુધ્ધિનું કામ છે.**

બીજું, કંઈ પણ કાર્યક્રમ કરવો હોય અને અમને આમંત્રણ આપવા આવો ત્યારે અંદાજે ત્રણ મહિનાનો સમય ગાળો રાખીને અમારી પાસે આવજો. તેનાથી બહુ વહેલા પણ નહી. અમે ન મળીએ તો આ નારાયણમુનિ સ્વામી કે જે.કે. સ્વામીને કોઠારમાં જણાવશો તો પણ અમને સમાચાર મળી જશે. આવો ત્યારે થોડી ફલેકસીબીલીટી રાખવી. તિથિનો દુરાગ્રહ ન રાખવો. પાટોત્સવમાં એક તિથિ આધી પાછી થશે તો તેનાથી દેવ કંઈ કુરાજી નથી થવાના ! હા, અમારા વિના તમારે ઉત્સવ કરવો હોય તો તિથિ પ્રમાણે કરો તેમાં વાંધો નહિ. સમગ્ર ધર્મકુળનો આગ્રહ ન રાખવો. બહેનો માટે ગાદીવાળાશ્રી બરાબર છે પરંતુ અમે અને લાલજી મહારાજશ્રી પૈકી ક્યારેક અમે આવીએ, ક્યારેક લાલજી મહારાજ આવે તો મેનેજ થઈ શકે અને છ મહિને વર્ષે એક વાર પહોંચી શકાય અને સત્સંગમાં જાગૃતિ રહે.

દુનિયાનું સૌથી પ્રથમ સ્વામિનારાયણ મંદિર, મહારાજની જન્મભૂમિ વગેરે આપણા ભાગમાં આવ્યું છે. બીજા મંદિરોમાં અન્ય મૂર્તિઓ પધરાવવાના નિમિત્તથી કે અન્ય કોઈ નિમિત્તથી મહારાજે પધરાવેલી મૂર્તિઓ ચલાયમાન થઈ હશે જ્યારે આપણા આ મંદિરમાં કોઈ પણ નિમિત્તથી નરનારાયણદેવની મૂર્તિ ચલાયમાન થઈ નથી, અચલ છે. જેનો આપણને ગર્વ હોવો જોઈએ. મહારાજ આપ સૌને સત્સંગમાં ખૂબ બળ આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# ભગવાનની મૂર્તિ અને એની સેવા પૂજા લેખાંક-૧

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)




**તારી મૂરતિ રે છે જો નેણું નો શણગાર**
**નેણું નો શણગાર મારા હૈડા કેરો હાર.... બ્રહ્માનંદ સ્વામી**
**શોભા સાગર શ્યામ  તમારી મૂરતિ પ્યારી રે,**
**મૂરતિ પ્યારી રે નાંખુ મારા પ્રાણ વારી રે.... પ્રેમાનંદ સ્વામી**
**તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે, શ્રી ઘનશ્યામ  હરિ,**
**..... મંજુકેશાનંદ સ્વામી**
**તારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશોમાં**
**.... પ્રેમાનંદ સ્વામી**
**મૂર્તિ સંભારતાં રે મુજને ઉપજ્યો અતિ સનેહ....**
**રસરુપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ**
**.... પ્રેમાનંદ સ્વામી**
**સાંવરી સૂરત, માધુરી મૂરત સનમુખ આયે ચઢી બાજ,**
**અક્ષરધામ  કે ધામી સુંદર મનુષ્ય દેહ ધરી આજ**
**.... શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ**

નંદ સંતો દ્વારા ભગવાનની મૂર્તિનું આવું જે ભાવવાહી વર્ણન આપણાં સંપ્રદાયનાં ગ્રંથોમાં આલેખેલું જોવા મળે છે. તેવું અન્યત્ર ક્યાંય નથી. કારણ સ્પષ્ટ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રગટ ''ભગવાનની મૂર્તિ''નું માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું અને એ ભગવાનની મૂર્તિને વિષે માહાત્મ્ય જ્ઞાન સહિત દૃઢ આશ્રય થકી જ આ લોક અને પરલોકને વિષે સુખિયા થવાની જડી બુટ્ટી સૌ આશ્રિતજનોને આપી છે. જેમ  હીર થકી જ હીરો વેંધાય છે તેમ  આપણ સૌને ભગવાનની મૂર્તિનો નિશ્ચય સર્વોપરિ શ્રીહરિ મહાપ્રભુ થકી પ્રાપ્ત થયો છે.

વડવાનલનો અગ્નિ કે મેઘની ઘટામાં રહેલ વીજળીના પ્રકાશ જેવા અતિ દૈદિપ્યમાન એવા શ્રીહરિ, સુખદ દીવો બનીને આવ્યા (મનુષ્યરૂપે) અને એમણે જ દીવાના સૌમ્ય પ્રકાશ અને શીતળતા જેવી ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય સરસ રીતે સમજાવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ''ભગવાનની મૂર્તિ'' અતિ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અહીં ભગવાનની મૂર્તિ એ કેન્દ્રબિંદુ છે - **Centre** છે. મધ્ય બિંદુ છે. સૂર્યના સ્થાને છે. જેમ  સૂરજની આસપાસ સર્વે ગ્રહો નિયમિત પણે ગતિ કરતા હોય છે, તેમ  આપણા સૌનું જીવન અને જીવનની સર્વે પ્રવૃતિઓ ''ભગવાનની મૂર્તિને'' મધ્યમાં રાખીને જ થવી જોઈએ અર્થાત્ ગમે તે પ્રવૃત્તિ કરતાં હોઈએ પરંતુ ભગવાનની મૂર્તિનો મહિમા અંતરમાંથી ક્યારેય વિસરાવો ન જોઈએ.

''એ રાજ્ય તમારું તમે કરો પણ અંતરમાં રાખજ્યો હરિ (હરિમૂર્તિ) જો રહેશે ઉપાધિ અંતરે તો ખોટ્ય મોટી જાશે ખરી (ભક્તચિંતામણિ પ્ર.-૭૨)

પરમાત્માનાં દર્શન કેમ  કરવા એને માટે શ્રીજી મહારાજે જેમને સર્વોત્તમ  પ્રમાણપત્ર અર્પણ કર્યું છે એવા કુશળકુંવરબાઈ (ધર્મપુર)ને ઉપરોક્ત ઉપદેશ શ્રીહરિએ આપ્યો છે, જે આપણા સૌને માટે છે. જીવનની ગમે તે પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેતા હોઈએ પરંતુ અંતરમાં શ્રીહરિનું સ્વરૂપ વિસરાવું ન જોઈએ. હૃદયનાં એ જાણપણા રૂપ દરવાજે ખબડદાર બનીને રહીને જગતનાં કચરાને અંદર પ્રવેશવા દેવાનો નથી. કેમ  કે હૃદય તો પરમાત્માની મૂર્તિનું નિવાસ્થાન છે.

''પરમાત્માનું સ્વરૂપ કેવું છે ? તો તે શ્રીમદ્ ભાગવતના પ્રથમ  સ્કંધમાં પૃથ્વી અને ધર્મના સંવાદરૂપે એ સમજાવ્યું છે. સત્ય શૌચાદિક જે કલ્યાણકારી એવા ઓગણ ચાલીસ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે. માટે સર્વે ધર્મ ભગવાનની મૂર્તિ ને આધારે રહે છે. તે સારું ભગવાનને

ધર્મધુરંધર કહ્યા છે. અને વળી શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે શૌનકાદિક ઋષિએ સૂતપુરાણીને પૂછ્યું છે કે ''ધર્મના બખતરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા પછી ધર્મ કોના શરણે રહ્યો ? માટે ધર્મ તે ભગવાનની મૂર્તિને આશરે રહે છે. તે સારું જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે અને તેના હૃદયમાં ધર્મ પણ રહે.'' (ગ.મ. ૧૬)

ભગવાનની મૂર્તિ (ભગવાનના સ્વરૂપ)ને વિષે સ્વરૂપ નિષ્ઠા જો રાખીશું તો ધર્મનિષ્ઠા પણ સ્હેજે સ્હેજે રહે છે. ''ભગવાનની મૂરતિ એ ભગવાનનું જ પ્રગટ સ્વરૂપ છે.'' અને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન નથી. અને તેથી મોટી પ્રાપ્તિ પણ નથી. (ગ.પ્ર. ૧)

વળી ભગવાનની મૂર્તિની અતિ વિશેષ વાત કરતાં શ્રીહરિ કહે છે : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય સંબંધી જે સુખ તે દિવ્યમૂર્તિ એવા જે ભગવાન પુરુષોત્તમ તેની જે સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિષે રહ્યું છે, તે જો ભગવાનની મૂર્તિનાં દર્શન કરતા હોઈએ તો રૂપના સુખની સાથે સાથે બીજા સ્પર્શ આદિક ચાર વિષય તેનું સુખ પ્રાપ્ત થાય. તે એકજ સમયને વિષે થાય છે અને બીજા જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય પણ બીજાનું ન થાય. માટે માયિક વિષયમાં ભિન્ન ભિન્ન પણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુઃખનું કારણ છે. જ્યારે ભગવાનમાં તો સર્વ વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે, અખંડ છે, અવિનાશી છે, તે સારું જે મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે **ભગવાનની દિવ્ય મૂર્તિ** તેને વિષે સર્વ પ્રકારે જોડાવું.'' (ગ.અંત્ય-૨૭)

ભગવાનની એ મૂર્તિ કાગળ સ્વરૂપે એટલે કે ચિત્રમૂર્તિ હોય તે પણ પ્રમાણિત છે. શ્રીમદ્ ભાગવતને વિષે અષ્ટપ્રકારની મૂર્તિ કહી છે (કાષ્ઠ, પાષાણ, ધાતુ વિ.) જે સર્વે ભગવાનની મૂર્તિનાં જ પ્રમાણિત સ્વરૂપો છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં નવ મહામંદિરોની રચના કરાવી અને એમાં પોતાનાં જ સ્વરૂપો સ્વહસ્તે પ્રસ્થાપિત કર્યા. ત્યાર પછી ધર્મવંશી જે આચાર્ય તે થકી વિવિધ મંદિરોમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રીહરિનાં સ્વરૂપો તેમજ એ જ ધર્મવંશી આચાર્ય થકી પ્રાપ્ત થયેલ અંગતપૂજા અને ઘર પૂજા માટેની ભગવાનની મૂર્તિ - આ સર્વે ''ભગવાનની મૂર્તિ'' છે. શ્રીહરિએ ભગવાનનું સ્વરૂપ અને ભગવાનની મૂર્તિનું રહસ્ય એમના જ્ઞાનોપદેશ દ્વારા સુંદર રીતે સમજાવ્યું છે.

''અમે સ્થાપેલ જે ભગવાનની મૂર્તિઓ, તેમ જ ધર્મવંશના જે આચાર્ય તેમણે પ્રતિષ્ઠિત કરેલી સર્વે મૂર્તિઓ અને તેમણે પૂજવાને અર્થે આપેલી ભગવાનની મૂર્તિ તથા અમારું જે અક્ષરધામ - તેમાં સદાય દ્વિભુજ, દિવ્ય, સદા સાકાર એવું અમારું જે સ્વરૂપ - એ ત્રણેયને વિષે રોમમાત્ર નો ફેર નથી.''

શ્રીહરિ મૂર્તિનું આ રહસ્ય એ જ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મુખ્ય ધરોહર છે ! ૧ + ૧ = ૨ જેવી સરળ વાત છે. સર્વોપરિની સામર્થી તો જુઓ. એક તો ભગવાનની મૂર્તિ આપી અને એ મૂર્તિમાં એમણે અખંડ પણે પ્રત્યક્ષ રહેવાનું વચન પણ આપ્યું. માત્ર એ મૂર્તિના આશ્રયે રહીને પતિવ્રતાની દૃઢ ભક્તિ કરવાનો પુરુષ પ્રયત્ન આપણે કરવાનો છે.

ઉત્તર પેસિફિક મહાસાગરમાં અમેરિકન હવાઈ ટાપુઓ આવેલા છે જેને **Big Island** પણ કહે છે. હવે એ હવાઈ ટાપુ ઉપર બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સમૂહમાં મૃત્યુ પામેલાં સૈનિકોનું અતિ વિશાળ કબ્રસ્તાન આવેલું છે. ત્યાંની સરકારે એ અતિ વિશાળ ભૂમિ ઉપર **"National Memorial Cemetery World war II memorial"** બનાવ્યું છે. વિશ્વભરનાં પર્યટકો એની અચૂક મુલાકાત લે છે. ત્યાં (કબરની) એ જગ્યા ઉપર તક્તિ લગાવેલી છે.

**"In this gardens are recorded the names of Americans who gave their lives in the service of their country and whose earthly resting place is known only to God !"**

**અહીં સર્વે પવિત્ર મૃતાત્માઓ સૂતા છે. જેમને શ્રધ્ધાંજલિ રૂપે માત્રને માત્ર સાચાં પુષ્પોનો હાર કે ગુચ્છ અર્પણ કરવાં પરંતુ કાગળ કે પ્લાસ્ટિકનાં બનાવટી ફૂલો ક્યારેય ચઢાવવા નહિ.**

**પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પ્રત્યક્ષ આ સ્થળની મુલાકાત લીધી છે. તેઓશ્રી આ વાત કરતાં સર્વે સત્સંગીઓને ખાસ અનુરોધ કરે છે કે ''જ્યારે મૃતાત્માઓ માટે આટલી ચિવટ અને પવિત્રતા રાખવામાં આવે છે ત્યારે સર્વોપરિ પરમાત્માની દિવ્ય મૂર્તિઓ જ્યાં વિરાજમાન હોય અને શ્રીહરિ પ્રગટપણે તેમાં નિવાસ કરીને રહેતાં હોય ત્યારે એ ભગવાનની મૂર્તિને ક્યારેય કાગળ કે પ્લાસ્ટિકનાં ફૂલનો હાર કે ગુચ્છ કેમ ધરાવાય ?''**

આવું છે આપણી સર્વે ભગવાનની મૂર્તિનું રહસ્ય અને સામર્થ્ય. હવે એ ભગવાનની મૂર્તિની સેવા પૂજા માટે પણ શ્રીહરિએ સુંદર છતાં સરળ સેવા રીતિ અને નીતિનિયમો-પૂજા ને અર્થે નિરૂપ્યાં છે. જેને પાળવા સૌ ભક્તજનોની આગવી ફરજ છે. શી શી છે એ સેવા પૂજા રીતિ. (ક્રમશઃ)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે ઉપયોગમાં લેવાયેલા ઘી ના કુંડલા

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વનું સૌ પ્રથમ મંદિર શ્રીહરિએ અમદાવાદમાં બનાવ્યું અને તેમાં પોતાનું જ સ્વરૂપ એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. પ્રતિષ્ઠા યજ્ઞમાં વેદઋચાઓ સાથે અખંડ ઘી ની આહુતિઓ અપાઈ. વેદગાન સાથે નરનારાયણદેવનો જયઘોષ વિશ્વમાં વ્યાપી ગયો. શ્રીહરિએ સ્વયં યજ્ઞમાં બિરાજીને પ્રતિષ્ઠા યજ્ઞ વિધિવત્ પૂર્ણ કર્યો.

તે સમયે તે શુભ મુહૂર્તમાં યજ્ઞાયાગ માટે અનેક પ્રકારની સામગ્રીઓ સંત હરિભક્તોએ અથાગ દાખડો કરીને એકઠી કરેલી. વલોણાં કરીને બનાવેલ ઘી, હાથે અનાજ દળીને તૈયાર કરેલો લોટ, હાથે ખાંડીને તૈયાર કરેલા મસાલા આ બધું અતિ પરિશ્રમવાળું કામ છે. આજના જમાનામાં તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આવી સેવા કરવા માટે નિતાંત શ્રધ્ધાની જરૂર છે. ટાંચા સાધનો વડે મહોત્સવો કરવા અતિ મુશ્કેલ કાર્યો હતાં પરંતુ સર્વનિયંતા શ્રીહરિની કૃપાથી થોડીક સામગ્રીમાંથી પણ અખૂટપણે ધન-ધાન્ય-સિધ્ધિઓ વહેવડાવીને ઉત્સવો પૂર્ણ થઈ જતા.

આ પ્રતિષ્ઠા યાગમાં દેવને અર્થે જે ઘી વપરાયેલું તે જે પાત્રમાં ભરવામાં આવેલું તે બે ઘીના કુંડલાના અહીં આ મ્યુઝિયમમાં દર્શન થાય છે. શ્રીજીના સ્પર્શમાત્રથી જ તે અક્ષયપાત્ર બનેલા. તેમાંના ઘી થી જ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયો, દેવ પ્રતિષ્ઠા વખતનો અન્નકૂટોત્સવ થયો, સંત હરિભક્તોની રસોઈ થઈ અને દરેક કાર્યોમાં બેસુમાર ઘી નો વપરાશ કર્યા પછી પણ મહોત્સવના અંતે આ કુંડલાઓમાંનું ઘી જરાપણ ઓછું ન જ થયું !

આવા આ મહા ચમત્કારને દેખીને હજારો લોકો ત્યારે પણ વિસ્મય પામેલા. આ કળિકાળમાં પણ આપણને આવા અક્ષયપાત્રનાં દર્શન થાય છે તે આપણા મોટા ભાગ્ય છે. શ્રીજીના સ્પર્શે તો ઠામ-વાસણ પણ અક્ષયપાત્ર બની જાય છે તો તેમણે જ પ્રતિષ્ઠિત કરેલ તેમના જ દીકરા એવા ધર્મવંશી આચાર્યશ્રી તો આશીર્વાદ આપવા અતિ સમર્થ બને તે નિશંક છે. જેના જેના માથે શ્રીજીએ હાથ મૂકેલ છે તે સર્વે જડ-ચૈતન્ય પદાર્થ માત્ર અતિ દિવ્ય છે. તેની પ્રતીતિ સહેજ જ થાય છે.

આજે પણ સંપ્રદાયમાં ભજન અને ભોજનની રસલહાણ શ્રીજીકૃપાથી અખંડ છે. નાત-જાત ઊંચનીચના ભેદભાવ વગર સર્વેને ઠાકોરજીનો પ્રસાદ પ્રેમથી પિરસાય છે. તેના મૂળમાં આવા અક્ષયપાત્રો છે. આ કળિકાળમાં તો આ કુંડલા જેટલું પાણી પણ દુર્લભ થતું જાય છે ત્યારે શ્રીજીએ તો તેમાનું ઘી, પાણીની જેમ વહાવેલું. તેનો મહિમા સમજવો અને વિચારવો.

આ અક્ષયપાત્રોને ઊરમાં ધારીને ઠાકોરજીનો થાળ બનાવીને ધરાવવો તેનાથી વિચારોની પવિત્રતા જળવાય અને તેથી શ્રીજીની અખંડ સ્મૃતિ રહે.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | નિર્મળાબેન દિનકર રાય મહેતા - ન્યુજર્સી - અમેરિકા |
| રૂા. ૧૦,૦૦૦/- | ગીરીશભાઈ સાંકળચંદભાઈ પટેલ તેમના પુત્રને વિઝા મળેલ તે નિમિત્તે - ન્યુ રાણીપ - અમદાવાદ |
| રૂા. ૫૧૦૦/- | અ.નિ. દિપ્તીબેન નવીનભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે - હસ્તે ગોરધનભાઈ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જુલાઈ-૧૭

| | |
|---|---|
| તા. ૨-૮-૧૭ | શ્રી પરેશભાઈ રમણલાલ પટેલ - કુંડાલ હાલ અમદાવાદ |
| તા. ૪-૮-૧૭ | અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - હ. માનસી, પ્રીત, સ્વત્સ - નારણપુરા |
| તા. ૬-૮-૧૭ | શ્રી ગોકળભાઈ મણીલાલ પટેલ - વડુવાળા હાલ મહાદેવનગર |
| તા. ૧૫-૮-૧૭ | અ.નિ. દિપ્તીબેન નવીનભાઈ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે - હ. ડૉ. ગોરધનભાઈ નારણભાઈ પટેલ - માણસાવાળા |
| તા. ૧૯-૮-૧૭ | સાં.યો. કકુબા તથા સાં.યો. કાશીબા - શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (હવેલી) |
| તા. ૨૦-૮-૧૭ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમઆયોજીત સમૂહ મહાપૂજા - હ. ચંદુભાઈ સોમૈયા તથા પ્રવેશભાઈ સોની |
| તા. ૨૫-૮-૧૭ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત સમૂહ ગણપતિ પૂજા - હ. ધર્મેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ - ઘાટલોડિયા |

**ધનતેરશ તા. ૧૭-૧૦-૨૦૧૭ મંગળવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે લક્ષ્મીપૂજન સંપન્ન થશે.

પાંચ, દશ અને વીસ ગ્રામના પ્રસાદીના સિક્કા મ્યુઝિયમમાંથી મળશે.

**કાળી ચૌદશ તા. ૧૮-૧૦-૨૦૧૭ બુધવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમમાં પધરાવેલ પ્રસાદીના શ્રી હનુમાનજીનું વિશેષ પૂજન તા. ૧૮-૧૦-૨૦૧૭ બુધવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સંપન્ન થશે.

રૂા. ૧૧૦૦/- ભરી સજોડે પૂજામાં બેસી શકાશે.

સંપર્ક : સ્વામિનારાયણ મ્યુઝિયમ : ૦૭૯-૨૭૪૮૯૫૯૭ ● દાસભાઈ : ૯૯૨૫૦૪૨૬૮૬

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ધન્ય તુલજારામ ભક્તને !

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ભગવાને પોતાના ભક્તની કસોટી કરી બોલો આમાંથી કેટલા જણા સાધુ થશો ? વાત છે જેતલપુરની મહોલ ઉપર સભા ભરાઈને બેઠી હતી ત્યાં મહારાજે પૂછ્યું. આટલા બધા દિવસથી અહીં બેઠા છો, ઘણી બધી સેવાઓ કરી તો હવે આમાંથી સાધુ થાવ એવા કેટલા છો ? મહારાજે સભામાં આવું કહ્યું પરંતુ સમાજમાં બધાં બહાદુર હોતા નથી. જેટલા જંગલો ભાળો છો એમાં કાંઈ સર્વત્ર ચંદનના ઝાડ ન હોય. બહાદુરીથી લડવા માટે જેમ શૌર્ય જોઈએ એમ સાધુ થવા માટે પણ કંઈ આભ્યંતર શૌર્ય-શૂરવીરતા જરૂર જોઈએ. બોલવાવાળા બધા હોય પણ જ્યારે આચરણમાં મૂકવાનો સમય આવે ત્યારે ખબર પડે. ઘણા બોલતા હોય છે, અરે ખબર પાડી દઈએ. અમારા ગામમાં કોઈ પગ તો મુકે ! અને જ્યારે પગ મુકે ત્યારે છાનામાના જઈને ઘરમાં ભરાઈ જાય. એટલે ખરા સમયે સાચું શૌર્ય જેમાં હોય એ દેખાઈ આવે.

મહારાજે સાધુ થવાની વાત કરી એટલે પ્રાંતિજના તુલજારામને ગોરધનદાસ બે ભક્તો સભામાં ઉભા થયા. શ્રીજી મહારાજ એ બેની સામે જોઈને કહે છે, ''પણ બધાની રજા લઈને આવ્યા છો ?'' મહારાજ ! રજા જ છે ને તમે જરાય સમય ન લગાડો અમને સાધુ કરી જ નાંખો. શ્રીજી મહારાજ કહે છે, ''તમે તૈયાર છો, તમારી નિષ્ઠા બહુ સાચી છે. તમારી આ શૂરવીરતા જોઈને અમે બહુ રાજી થયા છીએ.. જુઓ ભક્તો, એક વાત બહુ સરસ છે. સાવધાન થઈને સાંભળી લો. ગૃહસ્થાશ્રમમાં રહીને જે ધર્મનું પાલન કરે છે, અમારી આજ્ઞા પાળીને જે અમારૂં ભજન કરે છે એના હૃદયમાં અમે નિવાસ કરીશું. અને જેના હૃદયમાં ધર્મ ન હોય, ભક્તિ ન હોય એના હૃદયમાં અમે અને આ સંત સભાનો વાસ થતો નથી. માટે હે ભક્તો! તમે બધા સાધુ થાવ એના કરતાં સીધા થાવ એ બહુ કામનું છે.

આ વાત આજે પણ બહુ યાદ રાખવા જેવી છે. સાધુ થવા કરતાં સીધા થવું બહુ કઠણ છે. સાધુ થવા કરતાં તમે સીધા થાવ એટલે કે તમારા હૃદયમાં ધર્મે સહિત ભક્તિનું આચરણ કરો તો અમે તમારા હૃદયમાં નિવાસ કરીશું અને તમે સાધુ જ છો એમ માનીશું. આટલી વાત શ્રીજી મહારાજે કરી.

આ બે ભક્તોમાં તુલજારામભાઈ પ્રાંતિજમાં વેપાર કરતા હતા. કોઈ સામાન્ય માણસ નહી. સુખી-સંપન્ન હતા. મહારાજ ! હું સાધુ થવા તૈયાર છું. ભલે તમે બધાને કહ્યું કે ભજન કરજો પણ મને જો તમે દીક્ષા આપો તો હું સંપૂર્ણ તૈયાર છું. ત્યાં ગોરધનભાઈ ઉભા થઈને કહે છે, મહારાજ ! હું પણ તૈયાર છું. શ્રીજી મહારાજ કહે છે, બેસ તારૂં મોઢું ઢીલું છે. હજી બરાબર અંદરથી હા પડતી નથી એટલે તારે હજુ તપ કરવાની જરૂર છે પણ આ તુલજારામની ખાતરી કરીએ. જો એમને સાધુ થવું હોય તો !!!

સોમલાખાચર કાઠી પાર્ષદ હતા. એમની પાસે તલવાર હતી. મહારાજે એમને સાથે લીધા. તુલજારામને કહ્યું, આવો જરા આ બાજુ આવો. તુલજારામ ચાલ્યા. જેતલપુરમાં તળાવની પાળે એક કોઠો છે. શ્રીજી મહારાજ એ કોઠામાં તુલજારામને લઈ ગયા. સાથે સોમલાખાચર પાર્ષદ પણ હતા. શ્રીજી મહારાજ કહે છે - ''તુલજારામ તું કોણ છે ? કોનો દીકરો છે ?'' એટલે તુલજારામ કહે છે - હું કોઈનોય દીકરો નથી. હું કોઈનો સગો નથી, હું કોઈનો શત્રુ નથી અને કોઈનો મિત્ર પણ નથી. કોઈની સાથે મને સમ કે વિષમભાવ નથી. હું બાળક પણ નહોતો, હું યુવાન પણ નથી, હું વૃધ્ધ પણ નથી. મારો કોઈ દેશ નથી, મારૂં કોઈ ગામ નથી, મારી કોઈ જ્ઞાતિ નથી सच्चिदानंद रुपोस्मि હું તો સત્ચિત અને આનંદમય સ્વરૂપ છું. અને તમારો દાસ છું.

શ્રીજી મહારાજ કહે છે, ''ઓ....હો....હો... બહુ જ્ઞાની થઈ ગયો. સાધુ થવાને હજુ વાર છે એ પહેલાં તો બહુ જ્ઞાન આવી ગયું, ''સોમલાખાચર તલવાર લાવો તો. તું બહુ આત્મારૂપ છે તે હમણાં બતાવીએ. તને ભય નથી.

સમ નથી વિષમ નથી અને શ્રીજી મહારાજે પોતાના હાથમાં તલવાર લીધી. સાવધાન ! જો આ તલવાર તારી માથે આવે ત્યારે તું શું બોલે ખબર છે ? ના, મહારાજ ! કંઈ ન બોલું. શું ન બોલે ? આ તલવાર જો અમારા હાથમાં છે અને એ અત્યારે તારા ઉપર પ્રહાર કરીએ તો તું બુમો પાડે. ઓ મા... ઓ બાપા..... મરી ગયો, મારી નાંખ્યો... અને તું કહે છે, આત્મારૂપ છું. અને શ્રીજી મહારાજે તલવાર ઉંચી કરી.

આ તુલજારામ ભક્ત શ્રીજી મહારાજ સામે માથું નમાવીને ઉભા રહ્યાં. મહારાજ ! થવા દો આજ તો જે થાય એ. આણે તો મસ્તક મૂક્યું. આ પાર્ષદની તલવાર જે ભગવાનના ભક્તના હાથમાં કાયમ રહે એવી તલવાર અને ભગવાન સ્વયં એ તલવાર ઉઠાવે તો ભાગ્યશાળીના મસ્તક ઉપર આવે. થવા દો મહારાજ, અત્યારે જ સમય, ચોઘડીયું બહુ સારુ છે. શ્રીજી મહારાજે કહ્યું, ''કેમ ચોઘડીયું સારું છે ?'' આજ તો મહારાજ ઓ હો... આ ચર્મચક્ષુથી તમારૂં સ્વરૂપ અખંડ દેખાય છે. અને પછી તો એ સ્વરૂપમય બની જઈને અક્ષરધામમાં વાસ થઈ જાય, હસતા હસતા કહ્યું અને શ્રીજી મહારાજ એટલા બધા રાજી થઈ ગયા કે એ તલવાર સોમલા ખાચરને આપવા ન રોકાયા. તલવાર નીચે ફેંકી તુલજારામને ભેટી પડ્યા. શાબાશ.. તું સાચો શૂરવીર ભક્ત છે. ભગવાન ત્યારે ભેટે કે જ્યારે તલવાર મસ્તક ઉપર ઝીલવા તૈયાર થઈએ.

ભગવાન તુલજારામ ઉપર રાજી રાજી થઈ ગયા. ધન્ય છે. તારી સમજણ સાચી છે. અમે જાણીએ છીએ કે અત્યારે તું સંપૂર્ણ તૈયાર હતો, તને કોઈ ભય નહોતો, મહારાજ તુલજારામનો હાથ ઝાલીને બધા ભક્તો-સંતોની સભા જ્યાં બેઠી હતી ત્યાં લાવ્યા. અને કહ્યું, ''હે ભક્તજનો ! અમે કહ્યું નથી પણ આજે કહીએ છીએ. આ તુલજારામ પ્રાંતિજના શાહ છે પણ એને સાધુ સમજજો. એને સંસારી ન સમજતા.

વ્હાલા મિત્રો ! સંસારમાં રહેવું ખોટું નથી પણ સંસાર આપણામાં રહે એ ખોટું છે. માટે ભગવાને કહેલા ધર્મ-નિયમમાં રહી ભજન-ભક્તિ કરવાં. તો હૃદયમાં પ્રભુનો વાસ રહે. તુલજારામભાઈ જેવા ભક્તોને લાખ લાખ વંદન.

●

## સત્સંગનું ગૌરવ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

રામાયણની કથાનો એક પ્રેરણાદાયી પ્રસંગ છે. સીતાજીનું રાવણે છળથી હરણ કર્યું. સીતાજીના વિયોગથી પ્રભુ શ્રીરામ ઘણા વિચલિત થયા હોય તેવા ચરિત્ર કરતા કરતા શ્રીરામ તથા લક્ષ્મણ સીતાજીની શોધ માટે ચારે બાજુ ફરી રહ્યા હતા. ફરતા ફરતા આગળ વધતા વધતા જટાયુ દ્વારા ખબર પડી છે કે રાક્ષસ સીતાજીને હવાઈ માર્ગે આ તરફ લઈ ગયો છે. પ્રભુ શ્રીરામ તથા લક્ષ્મણ તે દિશામાં આગળ વધ્યા. ત્યાં તેમની મુલાકાત હનુમાનજી સાથે થઈ.

વાલી વધ કરી સુગ્રિવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. માહિતી મળી કે સીતાજીને લંકામાં રાવણ ઉપાડી ગયો છે. પ્રભુ શ્રીરામ, લક્ષ્મણ, સુગ્રિવ, જાંબુવાન તેમજ અન્ય વાનરસેના સહુ દક્ષિણ તટે સાગર કિનારે પહોંચી ગયા. હવે વાત હતી લંકામાં જઈને સીતાજીની ભાળ મેળવવાની. દરિયો ઓળંગી લંકા કેવી રીતે પહોંચવુ તેનો વિચાર સહુ આગેવાન સાથીઓ કરવા લાગ્યા. સૌ પ્રથમ વાલીના પુત્ર અંગદે કહ્યું કે જો હું વધુમાં વધુ પ્રયત્ન કરૂં તો કદાચ અડધો દરિયો કુદી શકું, કોઈ કહે હું વીસ કે પચીસ ડગલા કુદી શકું. આવી બધી ચર્ચા ચાલતી હતી, બધા કાંઈને કાંઈ વાત કરતા હતા. પણ હનુમાનજી કહે, મારાથી કદાચ દરિયો કૂદી સામે પાર લંકા પહોંચી જવાય પણ પાછા આવી શકું કે નહી તે કહી ન શકાય. હનુમાનજી મહારાજના મુખે આવી ઢીલી વાણી સાંભળી જટાયુનાભાઈ સંપાતિ બોલી ઉઠ્યા કે હે પવન પુત્ર ! તમે આ શું વાત કરો છો ?

સંપાતિ કહેવા લાગ્યા, હે પવનપુત્ર ! યાદ કરો કે તમે જ્યારે નાના હતા ત્યારે તમને ખૂબ ભૂખ લાગી હતી અને સૂર્યનારાયણને સફરજનનું ફળ જાણી તમે કુદકો લગાવ્યો તો એક જ ફલાંગમાં તમે છેક સૂર્યનારાયણના રથમાં પહોંચી ગયેલા. તમારા માટે આ સમુદ્ર ઓળંગવો તે તો ખાડો કુદવા જેવી સામાન્ય બાબત ગણાય.

સંપાતિના મુખે જેવી આ પ્રેરણાદાયી વાત સાંભળી કે હનુમાનજીની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ એકદમ જાગૃત થઈ અને પછી તો હનુમાનજી મહારાજ ''જયશ્રી

રામ'' કહી જેવા કુદયા તે આખો સમુદ્ર ઓળંગી લંકામાં પહોંચી ગયા. લંકામાં કેટલાય રાક્ષસોને પુરા કર્યા. સીતામાતાની ભાળ મેળવી પ્રભુનો સંદેશો આપ્યો અને લંકા દહન કરી પાછા સમુદ્રની સામે પાર આવી પ્રભુ શ્રીરામને વંદન કર્યા.

બળ તો હનુમાનજીમાં હતું જ પણ પોતાનામાં શું તાકાત છે તેનું વિસ્મરણ થઈ ગયું હતું. સંપાતિએ તેનું સ્મરણ કરાવ્યું ને હનુમાનજીને તેમની શક્તિ જાગૃત થઈ. અને તેઓ આવું અસાધારણ કાર્ય કરી શક્યા.

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં પ્રલંબાસુર મોક્ષ કથામાં પણ જ્યારે બળદેવજી પ્રલંબાસુરથી ગભરાયા ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ આકાશવાણી દ્વારા મોટાભાઈને તેઓ કોણ છે ? અને તેમનામાં શું શક્તિઓ રહેલી છે તેનું સ્મરણ કરાવ્યું. પોતાની શક્તિનું સ્મરણ થતાં જ બળદેવજી મહારાજે એક જ મુષ્ટિ પ્રહારથી પ્રલંબાસુરને પુરો કરી દીધો. તે પ્રસંગ આલેખાયેલ છે.

વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને પણ આ પ્રસંગનો ઉલ્લેખ કરતા કહ્યું કે શક્તિને જગાડવા શબ્દોની જરૂર પડે છે. આ વાત વાંચતા સહેજે વિચાર આવે કે આવા પ્રેરણાદાયી શબ્દો મળે ક્યાંથી ? આ બાબતે આપણે એટલા બધા ભાગ્યશાળી છીએ કે સંતસમાગમ, સત્સંગ, શાસ્ત્રો, કથા-પારાયણો દ્વારા આપણને આવા શક્તિદાયક, પ્રેરણાદાયક શબ્દોની પ્રાપ્તિ સહેજે સહેજે થાય છે. આ કથા, આ સત્સંગ આપણને એ યાદ કરાવે છે કે તમે કોણ છો ? તમે કોના ભક્ત છો ? તમને કોનું શરણ છે ? જો આ પ્રશ્નોના જવાબ નો વિચાર કરી કથા-વાર્તા, સત્સંગ કરીએ તો આપણે કોઈ વાતે ડરવાની જરૂર નથી. હું કોણ છું ? તેનું ગૌરવ રાખી ભજન, ભક્તિ સત્સંગ, સેવા કરતા રહીશું તો આપણા જીવનું કલ્યાણ થઈ જ ગયું છે.

**નાથદ્વારા મંદિર પાટોત્સવ કારતક સુદ-૭**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા નાથદ્વારા (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ કારતક સુદ-૭ (સાતમ)ના કાયમી ઉજવાશે. તેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

## દીપોત્સવી કાર્યક્રમ

આસો સુદ-૧૦ ને શનિવાર તા. ૩૦-૯-૧૭ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ મંગળવાર તા. ૧૭-૧૦-૨૦૧૭ મહાલક્ષ્મીપૂજન સમય સવારે ૧૨-૩૦ થી ૨-૦૦ સુધી, ૩-૨૩ થી ૪-૫૨ સુધી, સાંજે ૭-૪૫ થી ૯-૧૮ સુધી, રાત્રે ૨૨-૫૧ થી ૨૭-૩૦ સુધી

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ બુધવાર તા. ૧૮-૧૦-૨૦૧૭ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

**દિવાળી :** આસો વદ-૩૦ ગુરુવાર તા. ૧૯-૧૦-૨૦૧૭ **સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન** સાંજે ૭-૦૦ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૪** કારતક સુદ-૧ શુક્રવાર તા. ૨૦-૧૦-૨૦૧૭

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**

**ગોવર્ધન પૂજા સવારે : ૮-૦૦ કલાકે**

**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**

**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "જે કામનાઓ અને ઈચ્છાઓ છે તેના અંદર જ જ્ઞાનનો પ્રકાશ છૂપાયેલો છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

એક સિધ્ધ મહાત્મા હતા. એમને ઘોડા પ્રત્યે ખૂબ લગાવ હતો. એ દેશના જે રાજા હતા તેમને મહાત્માને કીધું કે તમે દસ દિવસ ખાડો ખોદીને સમાધિમાં બેસો તો હું આપને મારા પાસે જે સૌથી શ્રેષ્ઠ ઘોડો છે તે આપીશ. તો જેવા દસ દિવસ પુરા થયા અને જ્યારે સમાધિમાંથી બહાર આવ્યા તો તરત કીધું **મારો ઘોડો ક્યાં ?**

તે કહેવાનો અર્થ છે કે કેટલા સિધ્ધ હતા. મહાન હતા તો પણ 'કામના' હતી. તો **આપણું જીવન છે તેનું નેતૃત્વ કોણ કરે છે ?** તો 'આશા', 'અપેક્ષા', 'આકાંક્ષા' વગેરે. તો મનુષ્યને 'ઈચ્છા', 'તૃષ્ણા' અને કામનાઓ દોડાવે છે. આપણે વિચાર કરીએ તો કામનાઓ અને ઈચ્છાઓ જે છે તેની અંદર જ જ્ઞાનનો **'પ્રકાશ'** છૂપાયેલો છે. જો આપણી ઈચ્છાઓ પુરી ન થાય અને **અપૂર્ણ રહી જાય તો શું થાય? તો આપણી ભગવાન પ્રાપ્તિની જે પ્રગતિ છે તે અટકી જાય છે ?** તો ના વધી જાય છે. અમુક લોકો જ એવા અપવાદરૂપ હોય છે કે ભગવાનને તરત મૂકી દે છે. અને બીજો સવાલ એવો થાય છે કે **આપણે કામનાઓને પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ ઓછો કર્યો છે ?** તો ના એવું નથી. **આપણે ભગવાનને 'પ્રાર્થના' કરી રહ્યા છીએ તે શું અધુરી રહી ગઈ છે ?** તો હા કદાચ રહી ગઈ હોય અને કાં તો પછી એ વસ્તુ આપણા **'પ્રારબ્ધ'**માં ન હોય તો અધુરી રહી જાય છે.

તો આપણી કામનાઓને પુરી કરવા માટે આપણી શ્રધ્ધા ભજન-ભક્તિ પૂજા એ બધું વધી જાય છે. તો આપણને ભગવાનમાં વધારે હેત થાય છે. તો જેના પ્રત્યે હેત હોય તેના વિચારો વારંવાર આવે છે. તેના પ્રત્યે લાગણીની ભાવના વધારે થાય છે. તેના વિષે વધારે જાણવાની ઉત્સુકતા થાય છે. તો જે વધારે જાણવાની ઉત્સકુતા છે તે જ **'જ્ઞાન'** છે. તો કહેવાનો અર્થ છે કે **'ઈચ્છાઓ', 'કામનાઓ'** અધૂરી રહી જાય તો ગભરાવાનું નહિ. દરેક પરિસ્થિતિ આપણને અનુકુળ હોય તે શક્ય છે જ નહિ આપણે પરિસ્થિતિને અનુકુળ થવું પડે છે. કોઈ પણ કાર્ય માટે ધારો કે આપણે ક્યાંય પર્વત પર ચઢવું હોય તો વિચાર આવે છે રસ્તામાં શું જોઈશે ? બધી તૈયારી કરી પછી ચઢ્યા. તો પણ કાયમ એવું નથી હોતું કે આપણે વિચારીએ તેવું થાય, ઘણીવાર તેનાથી સહેલું પણ હોય અને કોઈ વખત મુશ્કેલી વધારે પણ પડે. દરેક સમયે પરિસ્થિતિ બદલાતી જોવા મળે છે. ઘણી વખત અડધેથી પાછું પણ આવવું પડે અને અમુક વખતે પોતાની બુદ્ધિ વાપરી ધીરજ રાખી પહોંચી પણ જવાય છે. તો જીવનમાં પણ એવું કરવાનું પ્લાનિંગ પુરુ કરવાનું જે વિચાર્યુ હોય તે રીતે તૈયાર રહેવું પડે. ધીરજ રાખવી પડે તો પણ દરેક કાર્ય ૧૦૦% પૂર્ણ થતું નથી. તો દુઃખી થઈને બેસી જઈએ કે હવે કરવું જ નથી. અને બીજો રસ્તો એ છે કે પ્રયત્ન કરતા રહેવાનું. આપણી ભૂલ એ છે કે આપણે ભૂતકાળ અને ભવિષ્યકાળમાં આંટા મારીએ છીએ અને વર્તમાન છે તે ભૂલી જઈએ છીએ **હવે શું થશે ? શું થવાનું છે ?** એમાં ને એમા ભયભીત રહીએ છીએ. એ જે ડર છે, જે આપણી કલ્પના છે તે દુઃખનું કારણ છે. એ જે નિર્બળતા છે તે નિર્બળતાને કેન્દ્રબિંદુ બનાવીને જીવન વ્યતિત કરીએ છીએ. કેન્દ્રબિંદુ એટલે ચારે બાજુ બધું ફરતું દેખાય છે. **નિર્બળતાને કેન્દ્રબિંદુ બનાવ્યું છે. માટે આપણે 'અસંતુષ્ટ' રહીએ છીએ** અને જે શક્તિ છે તેને વાપરવાનું ભૂલી જઈએ છીએ પછી પસ્તાવાનો વારો આવે છે. તો ભય નહિ રાખવાનો અને વધારે અપેક્ષા પણ નહિ રાખવાની. **અપેક્ષાનો નિયમ છે તુટી જવાનો.** અપેક્ષા તુટવા માટે જ જન્મે છે. ૯૯% **અપેક્ષા દુઃખ આપીને જ જાય છે.** એનું કારણ મોટે ભાગે શું હોય છે. અપેક્ષા એ આપણી કલ્પના હોય છે. ઘણી વાર આપણે અમુક જગ્યાએ જઈએ તો કલ્પના કરીને જઈએ છીએ કે

મને આ રીતે બોલાવશે, આ રીતે પૂછશે, આવું માન મળશે. અને તેમ ન થાય તો આપણે દુઃખી થઈ જઈએ છીએ. પરંતુ સામેવાળા માણસને શું ખબર કે **આપણી અંદર શું ચાલે છે ? તો એમાં વાંક કોનો છે ? સામેવાળાને આપણી અપેક્ષા પુરી કરવી હોય છે. પણ તેને શું ખબર કે આવું નક્કી કરીને આવ્યા છે.** તો સામેવાળાને ખબર ન હોય તો અપેક્ષા ૧૦૦% પુરી થતી નથી. અને તુટે છે. તો એના કરતા અપેક્ષા રાખવી જ નહિ અને અચાનક મળી જાય તો **'સરપ્રાઈઝ'** કહેવાય, સારુ લાગે છે. અને જ્યારે જીવનમાં સંકટ આવે છે ત્યારે સંકટ નિવારણની શક્તિ પણ જોડે જન્મે છે. કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાંથી માણસ પસાર થઈન આવે ત્યારે એક પદ મોટા થઈને બહાર આવે છે. **અંદર શક્તિનો સંચાર થાય છે. આત્મવિશ્વાસમાં વૃધ્ધિ થાય છે.** સોની જેમ સોનાને અગ્નિમાં વધારે તપાવે તેમ સોનું વધારે ચમકે છે. તેમ સંકટમાં માણસ હોય છે ત્યારે **'વિવેક'**, **'જ્ઞાન'**, **'બુધ્ધિ'** બધું વપરાય છે. આ બધુ વાપરવાથી વધે છે. તો **સંકટ એક અવસર છે. આપણા આત્માને ભગવાન બનાવવાનો.** સંકટમાં ધીરજમાં અને સહનશીલતામાં વૃદ્ધિ થાય છે. જે થવાનું છે તે થાય છે. પરંતુ વિચાર સારા રાખીએ તો કાંઈક રાહત મળી જાય છે. કર્મ તો કરવું જ પડે છે. ગીતામાં **'જ્ઞાનયોગ'** કરતા **'કર્મયોગ'** ને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. **'અંતર્મુખી'** લોકો જ્ઞાનયોગ વાળા હોય છે. અંતરમાં ઉતરીને જે કરવામાં આવે છે તેને **'જ્ઞાનયોગ'** કહેવામાં આવે છે. જે કર્મયોગી હોય છે તે **'બહિર્મુખી'** હોય છે. જ્ઞાનયોગી પણ કર્મથી દૂર રહી શકતા નથી. કારણ કે તેમાં પણ **'મનન'**, **'ચિંતન'** કરવું પડે છે. તે પણ કર્મ છે. **જ્ઞાની અને અજ્ઞાનીમાં શું ફેર છે?** તો કોઈ એક દશ્ય હોય તો ત્યાં આંખ ખુલ્લી રાખવી કે બંધ એ આપણા હાથની વાત છે. બંધ ના કરીએ અને પછી કહીએ કે શું કરીએ જોવું પડે તો એ આપણી **'નિર્બળતા'** છે. શું સાંભળવું અને શું ન સાંભળવું અને એ સાંભળીને **ગ્રહણ કેટલું કરવું** એ આપણે નિર્ણય કરવાનો છે. તો જ્ઞાની અને અજ્ઞાનીમાં આટલો ફેર છે કે જ્ઞાની ધર્મને કેન્દ્રબિંદુ બનાવી દેવાનું વિચારે છે. **કેમ કે, 'ધર્મનું બીજું નામ 'સુખ' છે.'** આપણાથી જે અધર્માચારણ થાય છે, તો સજા મળતા વાર લાગે છે. પરંતુ અધર્મથી દુઃખની **'ઉત્પતિ'** તરત થાય છે. જે શાંતિથી સૂવા નહિ દે, ખાવા નહિ દે, બેસવા નહિ દે તે મોટામાં મોટું દુઃખ છે. આપણે શાંતિથી સૂઈ શકીએ ઉંઘ સરસ આવી જાય એ જ મોટામાં મોટું સુખ છે. તો ધર્મ સહિત જીવન જીવવાનું અને પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા નહિ ડગાવવાની. આપણને એવા ભગવાન મળ્યા છે જે આપણા **પ્રારબ્ધને** પણ બદલી નાખે છે. જે કોઈ ના કરી શકે. ભક્તિ ભલે **'ઈચ્છો,'** **'કામના'** અને લાલચની પૂર્તિમા કરો પણ પછી ટેવ પડી જશે. જેમ નાનું બાળક હોય તેને સ્કુલે મોકલીએ તો શરૂઆતમાં ચોકલેટની લાલચ આપવી પડે છે. પછી તેને સ્કુલે જવાની ટેવ પડી જાય છે. પછી તેને ઘરમાં નથી ગમતું. પછી કામના અને ઈચ્છા યાદ જ નહિ આવે, સાચા મનથી પરમાત્માનું ભજન થશે. અને જ્યારે પરમાત્માની **'અનુભૂતિ'** થશે પછી બધું એક દિવસ આપોઆપ છૂટી જશે.

●

## પાપ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ જગતમાં એવો કોઈ મનુષ્ય નથી જેણે પાપ કર્યું ન હોય. બધા જ પાપ કરે છે. પાપ અભણજ કરે છે એવું નથી. ભણેલા પણ પાપ કરે છે. પાપ ગરીબ પણ કરે છે. શ્રીમંત પણ કરે છે. કથા કરનારા પણ પાપ કરે છે. કથા સાંભળનારા પણ પાપ કરે છે. મનુષ્ય માત્ર પાપ કરે છે. પાપ થાય એ બહુ મોટો ગુનો નથી. પાપ કબુલ ન કરે, કરેલા પાપ માટે પસ્તાવો ન થાય એ મોટો ગુનો છે. પાપ કર્યા પછી જેને પસ્તાવો થયો નથી એ મનુષ્ય જ નથી. જેને કરેલાં પાપને માટે પસ્તાવો થાય છે એ જ માનવ છે.

માનવનો જન્મ પાપ છોડવા માટે થયો છે. એક માનવ ને જ પ્રભુએ એવી બુદ્ધિ આપી છે કે માનવ ધારે તો પાપ છોડી શકે છે. પશુ, પક્ષી પાપ કરે છે. પણ એ તો અજ્ઞાની છે.

આપણો ભારત દેશ પવિત્ર દેશ છે. આ ઋષિ-મુનિઓનો દેશ છે. આપણે બધા ઋષિઓના બાળક છીએ. કેટલાક એમ સમજે છે કે જે બ્રાહ્મણ હોય એજ ઋષિનો દીકરો છે. પણ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે

ભારત ઋષિમુનિઓનો દેશ છે. ભારત સ્વર્ગ કરતા પણ શ્રેષ્ઠ છે. પ્રત્યેક ભારત વાસી ઋષિના જ બાળક છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. ભારતની કોઈ એવી જાતી નથી કે જેમાં સંત ન થયા હોય, એની બધી જાતિઓમાં સંત થયા છે. ભારત એ સંતોની, ઋષિમુનિઓની ધરતી છે. આપણે બધા પ્રભુના બાળક છીએ. આપણે પરમાત્માના પ્યારા, લાડીલા, ભક્ત છીએ. આપણા હાથે જે પાપ થયું છે એનો પરમાત્મા પાસે વિનાશ થાય છે. પાપ કરવાથી સુખ મળતું નથી.

આપણી બુદ્ધિને, મનને સમજાવો કે પાપ કોઈ દિવસ છુપું રહેતું નથી. પાપ અને પારો બહાર આવે છે. આજે નહીં તો, વર્ષે બે વર્ષે પાપ પ્રગટ થાય છે. જાહેર થાય છે. પાપ કરે છે એને સજા થાય છે કેટલાક લોકો એવું સમજે છે કે મેં દરવાજો બંધ રાખ્યો છે. એટલે મારૂં પાપ કોઈ જોનાર નથી. પણ ભગવાન તો તમારી ભીતરમાં પણ બેઠા છે. અને જોઈ રહ્યા છે કે તમે શું કરો છો ? શું બોલો છો ? શું વિચારો છો ? એ બધુંય ભગવાન જુવે છે. ભગવાન તો સર્વ શક્તિમાન છે. એ તો તનની પણ જાણે છે. ને મનની પણ જાણે છે. પાપને જોનારો ને સજા કરનારો પરમાત્માં ભીતરમાં છે. મનથી પાપ કરનારને પણ ઈશ્વર સજા કરે છે. શરીરથી પાપ કરે એને જ સજા થાય છે એવું નથી. જે મનથી પાપ કરે છે એને પણ સજા થાય છે. મનથી કરેલા પાપની ખબર જગતને ભલે ન પડે પણ પરમાત્માને ખબર પડે જ છે. ને બધાને ખાતરી થઈ છે કે જગતમાં પાપ કરીને કોઈ સુખી થતું નથી. પાપ કરીને જીવ દુઃખી થાય છે. સુખ કે દુઃખ પરમાત્માની ઈચ્છાથી જ આવે છે.

માણસ પોતના જીવનમાં અનેક પાપો કરી બેસે છે. પરંતુ આવા પાપ કે ભૂલ થયા પછી માણસ તેને સ્વીકારતો નથી અથવા કબુલ કરતો નથી તેજ એની કમજોરી છે. જે સારા કાર્યો કરે તે પોતાના અને ખરાબ કાર્યો કરે તે બીજાના. આમ માનવ સમાજ પાપનો ટોપલો બીજાને માથે ઓઢાડે છે. પણ આવી ભૂલ કે પાપ થઈ ગયા પછી પ્રાયશ્ચિત કરવું જોઈએ. પસ્તાવો એક અજોડ પ્રાયશ્ચિત છે. તે પાપ ધોવાનું અજોડ ઝરણું છે. કવિ કલાપી પોતાની કવિતામાં લખે છે કે :-

**“હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગમાંથી ઉતર્યું છે પાપી તેમાં ડૂબકી દઈને, પુણ્યશાળી બને છે.**

યથાર્થ પાપને ધોવા માટે પસ્તાવો અજોડ સાધન છે. પસ્તાવાથી થયેલું પાપ ફરીથી થતું નથી. પ્રાયશ્ચિતથી ધોવાયેલ પાપ ફરીથી સ્વભાવથી થાય છે. માણસના જીવનમાં પુણ્યો કૃષ્ણાર્પણ કરી શકાય છે. પરંતુ કરેલા પાપ કૃષ્ણાર્પણ કરી શકાતા નથી. પરમાત્માએ આપણને મનુષ્ય જન્મ આપ્યો છે. માટે પરમાત્માનું સ્મરણ કરજો. અને દૃઢ નિશ્ચય કરજો કે હવે મારે પાપ કરવું જ નથી.

આપણા શાસ્ત્રોમાં મોટામાં મોટું પુણ્ય ક્યું ? બિલકુલ પાપ ન કરવું એ જ મોટામાં મોટું પુણ્ય છે. ગરીબોને જમાડવા અને મંદિરોમાં પૂજા કરવી એ ઠીક છે. પણ એ તો સાધારણ પુણ્ય છે. મોટામાં મોટું પુણ્ય તો પાપથી અળગા રહેવું તે છે. સાધારણ રીતે પાપ બે પ્રકારના હોય છે. એક તો પૈસા માટે પાપ થાય છે. બીજું શુદ્ર જીવો માટે પાપ કરે છે. શુદ્ર જીવો કામ સુખ ભોગવવા માટે પાપ કરે છે. કામ જ જીવને ઈશ્વરથી વિમુખ કરે છે. આપણે **“કામ”** શબ્દનો થોડો વિચાર કરીએ. **ક** શબ્દનો અર્થ છે સુખ અને **“આમ”** શબ્દનો અર્થ છે કાચું. કાચું સુખ એટલે કામ. સાચું સુખ એ પરમાત્મા છે.

પાપ અને પુણ્યની આપણા શાસ્ત્રોમાં ઘણી વ્યાખ્યાઓ કરી છે. મોટામાં મોટું પાપ હિંસા છે. હિંસા જેવું કોઈ પાપ નથી. આપણા અંદર જે પરમાત્મા છે એજ પરમાત્મા કીડીમાં છે. એ જ પરમાત્મા માંકડ માં છે. એજ પરમાત્મા મચ્છરમાં છે. આપણો ધર્મ તો એમ કહે છે કે મચ્છરને મારવા એ પણ પાપ છે. અજાણતા કોઈક હિંસા થાય તો ભગવાન થોડીક ક્ષમા આપે છે. પણ જાણીને બુદ્ધિપૂર્વક કીડીની, મચ્છરની, માંકડની પણ હિંસા કરે એની ક્ષમા નથી સજા છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક-૧૧ માં લખ્યું છે કે અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. કોઈપણ જીવની હિંસા કરવી એ મહાન પાપ છે. આપણાં અંદર જે પરમાત્મા છે એજ સર્વના શરીરમાં બિરાજે છે. શરીર બધાના જુદાં જુદાં છે પણ પ્રત્યેક શરીરમાં ઈશ્વર તત્વ એકજ છે. આકાર જુદા જુદા છે પણ પરમાત્માં જુદા જુદા નથી. માનવ બહારના આકારને જુએ છે બહારના આકારનું ચિંતવન કરે છે.

આકારને મહત્વ આપે છે. તેથી જ પાપ થાય છે. બહારનો આકાર બહુ જોશો નહિ. એનું બહુ ચિંતવન કરશો નહિ. પ્રત્યેક આકારમાં ભગવાન બેઠા છે. એનું ચિંતવન કરો એ પરમાત્માને જોવા. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેકના શરીરમાં બિરાજે છે એમ માનો. આપણા શાસ્ત્ર તો એમ કહે છે કે કોઈ જીવની હિંસા એ ઈશ્વરની હિંસા જેવું પાપ છે.

આપણા ઋષિમુનિઓ કહે છે કે એમના આશ્રમમાં વાઘ-સિંહ બેઠા હોય ને ત્યાં પશુ-પક્ષીઓ પણ હોય છે. તેઓ વેરને ભૂલીને પ્રેમથી આશ્રમમાં રમતા હોય છે. અહિંસક બનીને રહે છે. ગમે તે જીવ પ્રાણીમાં ઈશ્વર રહેલા છે. દેહ જુદાં જુદાં છે પણ દેહમાં રહેતા દેવ એકજ છે. દેવ જુદાં જુદાં નથી. કોઈ પણ માણસ માટે ખરાબ શબ્દ બોલવો એ પણ હિંસા જેવું પાપ છે. વાચિક પાપ છે. કોઈપણ માણસને માટે તમે ખરાબ વિચાર કરો એ પણ મનથી થયેલ માનસિક પાપ છે.

બે શરીરમાં ઈશ્વર એકજ છે. ઈશ્વર જુદાં જુદાં નથી. આપણે આજથી એવો દ્રઢ નિશ્ચય કરો કે, “આ જગતમાં મારો કોઈ શત્રુ નથી. કોઈએ મારૂં જરાય બગાડ્યું નથી. મારૂં જે બગડ્યું છે એ મારા પાપથી બગડ્યું છે. માટે કોઈના માટે ખરાબ વિચાર કરવો નહિ. પાપ કરતા જે ડરે, પાપ કર્યા બાદ જે રડે તો તેના પાપ અચૂક મરે. જેના હૃદયમાં પરમાત્મા નથી ત્યાં પાપ સિવાય કાંઈ નથી. ને જ્યાં જ્યાં પાપ છે ત્યાં સંતાપ સિવાય કાંઈ નથી. પાપ કદી પાપીને સુખેય ઉંઘવા દેતું નથી. પાપ અને રોગ પેટમાં ગયા પછી પહોળા થતાં હોય છે. માટે પાપ થી બચો.

●

**‘પૂર્ણ વિશ્વાસ’**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ખોખરા ગામના હીરજીભાઈ પરમ એકાંતિક ભક્ત હતા. મહિમાએ સહિત આનંદથી પ્રભુનું અખંડ સ્મરણ કરતા, જેના હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભક્તિનો પ્રકાશ પથરાઈ જાય તેના હૃદયમાં આઠે પહોર આનંદ રહ્યા કરે. તે છતે દેહે અક્ષરધામ ના જેવું સુખ ભોગવે છે. પણ એક શરત... અનન્ય ભાવથી પરમાત્મામાં જોડાઈ જવું જોઈએ.

એક વખત હીરજીભાઈ બળદગાડું લઈને કોઈ કામ પ્રસંગે અંજાર ગયા. વ્યવહારિક કામ પુરુ કરી પોતાના ગામ તરફ આવે છે. સૂર્યાસ્ત થયો. સાથે દશ હજાર રૂપિયાના સોનાના દાગીના છે. અત્યારે દશ લાખ જેટલી કિંમત ગણાય. ગાડામાં બેસી કીર્તન કરતાં કરતાં ગાડું ચલાવે છે.

**“આવાને આવા આવાને આવા રે,**
**રહેજો મારી આંખડલીમાં પ્રભુ... આવાને આવા.**
**આવાને આવા મારા નાથ બિરાજો,**
**હાં રે મારા તનડાના તાપ બુઝાવા રે.. આવાને આવા.**

અંધારી રાત થઈ ગઈ. કાંઈ સૂઝતું નથી. અચાનક લૂંટારાની ટોળી આવી, ગાડાને ઘેરી વળ્યા. પડકાર કર્યો.. અલ્યા ક્યાં જાય છે ? તારી પાસે જે છે તે જલ્દી આપી દે. નહિંતર મારી નાખશું. હીરજીભાઈ આંખ બંધ કરી શ્વાસો શ્વાસ હે સ્વામિનારાયણ... હે સ્વામિનારાયણ..... સ્મરણ કરે છે. હૃદય થરથરી ગયું. ત્યાં આંખમાં પ્રકાશ છવાઈ ગયો. શ્વેત પ્રકાશમાં ભગવાનનાં દર્શન થયાં. મારા ભગવાન મદદમાં આવી ગયા છે. ભગવાને બળદ સહિત ગાડાને અધ્ધર હથેળી ઉપર ઉપાડ્યું ને ટપર ગામની નદીના કિનારે મૂકી દીધું. ભક્તરાજ ચિંતા છોડીને નિરાંતે સૂઈ જાવ. આટલું કહેતાં પ્રભુ અદ્રશ્ય થઈ ગયા.

આ બાજુ ચોર જોતા રહી ગયા. ગાડું ક્યાં ગયું. પેલો ભગતડો ક્યાં ગયો. આજુબાજું જુવે છે. કોઈ ન મળે. નવાઈ પામી જતા રહ્યા. હીરજીભાઈએ જોયું તો ટપર ગામની નદી. ઓ..હો...હો... ધન્ય છે. પ્રભુ તમારી દયાને ! ભક્તની કેવી રક્ષા કરો છો ! દયાળુ નાથ તમને ઘણી ખમા !

પ્રભુનું ધ્યાન કરતા કરતાં ગાડા ઉપર સૂઈ ગયા, બળદને ઝાડ સાથે બાંધી દીધા. સવારે આછાં અજવાળાં થયા. ગાડું ચાલતું કર્યું. ખોખરા ગામે આવ્યા. ગ્રામજનોને આ વાત સવિસ્તર કહી સંભળાવી. ગામનાં માણસોને પ્રભુનો મહિમા સમજાયો તેથી તે પણ મહિમા સહિત સત્સંગ કરતા થઈ ગયા. વર્તમાન કાળમાં પણ પ્રભુ રક્ષા કરે છે. શરત એટલી કે ભગવાન ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીજી મહારાજ માણકી ઘોડી પર બેસી એક ગામથી બીજે ગામ જતા હતા. માર્ગમાં લઘુ કરવા ઘોડીએથી નીચે ઉતર્યા અને નાડીની ગાંઠ છોડવા લાગ્યા પણ છૂટી નહી બે-ત્રણ જણાએ છોડવા પ્રયાસ કર્યો પણ ગાંઠ છૂટતી ન હતી. ત્યારે દામોદર ભક્તે કેવી રીતે ગાંઠ છોડી હતી ?

પ્ર. ૨ બુવા ગામના કાનદાસજી પટેલે શ્રીજી મહારાજને પૂછ્યું કે ભગવાન ક્યા પ્રકારે રાજી થાય છે તે કહો ?

પ્ર. ૩ આપણો મત ક્યો ? ધામ ક્યું ? મુક્તિ કઈ ? તે ક્યા શ્લોકમાં છે ?

પ્ર. ૪ વસુદેવજીની સ્ત્રીઓ (પત્ની)ના નામ જણાવશો ?

પ્ર. ૫ કૈકેય પુત્ર ભરતજી વનમાં ભગવાન રામને મળવા જાય છે, અયોધ્યાનું લશ્કર તેમની સાથે છે તે લશ્કરનું માપ શું હતું ?

પ્ર. ૬ ''સુખસાગર હરિવર સંગે સુખ માણજો, અતિ ઘણી મહેર કરી છે શ્રી મહારાજ જે.'' - આ કીર્તનના રચયતાનું નામ જણાવો.

પ્ર. ૭ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ, ''મનગંજન'' નામના ગ્રંથમાં કેટલા દોહા પદ છે ? આ ગ્રંથ ક્યારે પૂર્ણ થયો છે ?

## ઓગસ્ટ-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) યમપુર, સૌરી, વરિદ્રપુર, ગાંધર્વ, શૈલાગમપુર, કુરપુર, કૌચપુર, વિચિત્રપુર, બાહવાપદપુર, દુઃખદપુર, નાનકુંદ, સુતત્ય, રૌદ્રપુર, પયોવર્ષણ, શીતાઢ્યપુર, બહુભીતીપુર. (૨) સ્ત્રીસંગ, ધુત, મૃગયા, મદ્યપાન, કઠોરવાણી, કઠોર શિક્ષા - પૈસાની ખુવારી. (૩) વિમુખ. (૪) ''યજ્ઞ કરવા માટે શ્યામકર્ણ ૮૦૦ ઘોડા લઈ આવો.'' (૫) સ.ગુ. દેવાનંદ સ્વામી. (૬) ''મને કોઈ દિવસે મનુષ્યનો અવતાર દેશોમાં મને તો લંબકરણનો અવતાર દેજો. (૭) શ્લોક ૧૭૭.

૧ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર - મોરબી
૨ પટેલ ત્રિભોવનભાઈલક્ષ્મણભાઈ - નવાવાડજ
૩ પટેલ કિંજલ ભરતભાઈ - સાબરમતી
૪ ઠક્કર રીટાબેન જયેશકુમાર - વસ્ત્રાપુર
૫ સાં.યો. બહેનો, શ્રી સ્વામિ. મંદિર - મોરબી
૬ શાહ કીર્તિબેન કાંતિલાલ - કપડવંજ
૭ પટેલ રક્ષાબેન ગણપતભાઈ - મેમનગર
૮ પટેલ અંજનાબેન મનુભાઈ - નાંદોલ
૯ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ - નાંદોલ
૧૦ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ - માણસા
૧૧ સાં.યો. બહેનો - વાવોલ
૧૨ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ - સીતાપુર
૧૩ ડાભી ઈશ્વરજી રામાજી - ડાંગરવા
૧૪ ડાભી મફાજી સરદારજી - ડાંગરવા
૧૫ પટેલ કોકીલાબેન રમણભાઈ - ચાંદખેડા
૧૬ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ - સી.જી. રોડ
૧૭ પટેલ સંગીતા અરૂણભાઈ - અંબાપુર
૧૮ પટેલ ઈલાબેન પ્રવિણભાઈ - અંબાપુર
૧૯ પટેલ ઉષાબેન ચીનુભાઈ - ઉનાવા
૨૦ કંચનબેન બાબુભાઈ - રતનપર
૨૧ પટેલ સુધાબેન - સાબરમતી
૨૨ પટેલ શારદાબેન આર. - સાબરમતી
૨૩ પટેલ ઉષાબેન એમ. - વાવોલ
૨૪ સાં.યો. કોકીલાબા - સુરેન્દ્રનગર
૨૫ સાં.યો. મંજુબા, ભારતીબા - કાલુપુર
૨૬ સાં.યો. કંચનબા, હીરાબા - ધ્રાંગધ્રા
૨૭ ભાવસાર વિણાબેન આર. - નવરંગપુરા
૨૮ ભાવસાર અરવિંદાબેન એન. - ચાંદલોડીયા
૨૯ પટેલ મીનાબેન એમ. - આંબાવાડી
૩૦ મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વા. મંદિર - હિંમતનગર
૩૧ સોની પલ્લવીબેન આર. - સુરેન્દ્રનગર
૩૨ ઝોલાપરા શોભના કે. - સુરેન્દ્રનગર
૩૩ પટેલ મીનાબેન કમલેશભાઈ - કુહા
૩૪ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ - ઝુલાસણ
૩૫ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ - આનંદપુરા
૩૬ પટેલ ગંગાબેન ભક્તિભાઈ - ઝુલાસણ
૩૭ ભાવસાર ચંદુભાઈ પી. - નવાવાડજ
૩૮ પટેલ લલીતાબેન રમણલાલ - સાબરમતી
૩૯ પટલે શારદાબેન રાવજીભાઈ - સાબરમતી
૪૦ પટલે શારદાબેન હીરાભાઈ - અમદાવાદ
૪૧ પટેલ વિનોદ પી. - વહેલાલ
૪૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ - ડાંગરવા
૪૩ પટલે કોકીલાબેન બાબુભાઈ - સાબરમતી
૪૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ - ડાંગરવા
૪૫ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ - સોજા

**ખાસ સૂચના :** જવાબ મોકલનાર ભક્તોને વિનંતી કે, સારા સુંદર અક્ષરમાં પ્રશ્ન-જવાબ લખવા જેથી વાંચી શકાય, હવે પછીથી ખરાબ, ગડબડીયા અક્ષરવાળા અને બહુ લાંબા જવાબો મોકલનારના નામછપાશે નહીં તેની ખાસ નોંધ લેવી.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ કાલુપુર મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ**

પરમકૃપાળુશ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી સંપ્રદાયના સૌ પ્રથમ મહામંદિર કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પરમ પવિત્ર દિવસે મંદિરના પ્રસાદીના સુંદર વિશાળ ચોકમાં ભવ્ય સુશોભીત શણગારેલા સમિયાણામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવના ઉપલક્ષમાં રાત્રે ૯ થી ૧૨ પર્યન્ત ભવ્ય કીર્તન ભક્તિ-રાસ ગરબા આદિ થયા હતા. સંત મંડળ અને લોકપ્રસિદ્ધ ગાયક શ્રી પૂરવ પટેલ અને તેની સંગીતની ટીમે નંદ સંતોના અલૌકિક કીર્તનના પદો ગાઈને સૌને ખૂબજ આનંદિત કર્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સંતોએ શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારી હતી. શ્રીકૃષ્ણ જન્મોત્સવના દર્શને શહેરના હજારો ભાવિક ભક્તોએ લાભ લઈ પંજાજીરીનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન કોઠારી જે.કે. સ્વામી, ભંડારી જે.પી. સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળે સુંદર રીતે કર્યું હતું.

(કોઠારી શા. મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી ગણેશ ચતુર્થી-ગણેશ સ્થાપના ઉત્સવ**

પરમકૃપાળુ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થી તા. ૨૫-૮-૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯-૧૫ મિનિટે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ વિઘ્નહર્તા દેવની શ્રી ગણપતિદાદાની સ્થાપના-પૂજન આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થઈ હતી. મંદિરના ગોર શ્રી કમલેશભાઈએ પૂજન વિધિ કરાવી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં સૌને સદાય પ્રથમ દર્શન આપતા વિઘ્નહર્તા શ્રી ગણપતિ મહારાજનું પૂજન અર્ચન બાદ અલૌકિક અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. શ્રી ગણપતિ મહારાજના પૂજારી હજુરી પાર્ષદ બાબુ ભગત અને મહાદેવ ભગતે દાદાને સુંદર અલૌકિક વાઘા અને સુવર્ણ અને ચાંદીના ઘરેણા ધરાવ્યા હતા. સુંદર ભવ્ય સુશોભન કરીને સુંદર આયોજન કર્યું હતું. સૌ ભક્તોને દાદાને ધરાવેલ ગોળના ચુરમાના લાડુ પ્રસાદ રૂપે વહેંચ્યા હતા.

(નિરવ ભાવસાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં જલઝીલણીના શ્રી ગણપતિજીનો વરઘોડો**

પરમકૃપાળુ ભરત ખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગ દર્શનથી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશી તા. ૨-૯-૧૭ ને શનિવારના રોજ શ્રી ગણપતિજીનો વરઘોડો ધામધૂમપૂર્વક નીકળ્યો હતો. (આ પ્રસંગે સમગ્ર ધર્મકુળ વિદેશ ધર્મપ્રવાસે પધારેલ) નિજ મંદિરમાં પૂ. મહંત સ્વામીએ શ્રી ગણપતિ દેવની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ અને કાલુપુર મંદિરના ગોર મહારાજ આદિ હજારો હરિભક્તો સાથે સંત-મંડળ ઓચ્છવ કરતા કરતા, મંદિરના ચોકમાંથી નારણઘાટ મંદિર પધાર્યા હતા. જ્યાં પવિત્ર સાબરમતી નદીમાં જલક્રિડા કરાવીને મંદિરમાં ઓચ્છવ ધામ ધૂમપૂર્વક થયો હતો. અને ગણપતિ મહારાજની આરતી સંતોએ ઉતારી હતી. ત્યાં મહંત સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ ભવ્ય આયોજન કર્યું હતું.

સાંજે કાલુપુર મંદિરના ચોકમાં ઓચ્છવ મંડળે ભવ્ય ઓચ્છવ કર્યો હતો. સમગ્ર આયોજન હરિચરણ સ્વામી (કલોલ), કોઠારી જે.કે. સ્વામી, શા .મુનિ સ્વામી, યોગી સ્વામી અને ભક્તિ સ્વામી આદિ સંત મંડળે સુંદર રીતે કરીને ઉત્સવને દિપાવ્યો હતો.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અ.નિ. સ.ગુ. સ્વામી ભગવતચરણદાસજી (જુનાગઢ)ના સ્મરણાર્થે અખંડ ધૂન**

પરમકૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં તા. ૨૫-૮-૧૭ ના સવારના ૮-૩૦ થી ૧૦-૧૦ પર્યન્ત અ.નિ. સ.ગુ. સ્વામીશ્રી ભગવતચરણદાસજી (જુનાગઢ મંદિર હાલ જામજોધપુર)ના અક્ષરવાસ નિમિત્તે તેમના શિષ્ય મંડળ અને જુનાગઢ મંદિરના સંતો-હરિભક્તો અને કાલુપુર મંદિરના સંતો-હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વામીશ્રીના શિષ્ય મંડળે અને જૂનાગઢ મંદિરના સંતોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પણ આવા ધર્મ પરાયણ દેવ પ્રત્યેની નિષ્ઠાવાળા સંતને શ્રદ્ધાંજલિ

અર્પણ કરીને તેમના સંત મંડળને આશિષ આપ્યા હતા. ત્યારબાદ ઠાકોરજીને થાળ અને સંત-વર્ણી પાર્ષદોને રસોઈ જમાડવામાં આવી હતી. (શા. નારાયણમુનિ સ્વામી)

**ડીસા (બનાસકાંઠા) પવિત્ર શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુશ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી ડીસા ગામના સમસ્ત હરિભક્તોના સુંદર આયોજનથી તા. ૯-૮-૧૭ થી તા. ૧૩-૮-૧૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીતના મધુર તાલે અત્રેના લાયન્સ ક્લબ હોલમાં ધામધૂમથી સંપન્ન થઈ.

આ પ્રસંગે તા. ૧૩-૮-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સાથે કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી, ગાંધીનગરના મહંત શા. પી.પી. સ્વામી, કાંકરિયાથી વાસુદેવ સ્વામી, સિધ્ધેશ્વર સ્વામી અને ભૂજ, સિધ્ધપુર અને ખાણ મંદિરથી પણ સંતો પધાર્યા હતા. સંતોએ શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા દરમ્યાન સભા સંચાલન શા. નારાયણમુનિ સ્વામીએ સુંદર રીતે શોભાવ્યું હતું. હજારો ભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા.

(શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ - ડીસા)

**પવિત્ર શ્રાવણ માસમાં શ્રી સ્વામિનારાયણ કાંકરિયા રામબાગ રાત્રીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ પૂજ્ય વયોવૃધ્ધ દાદા સ્વામી સ.ગુ. જાનકીવલ્લભદાસજીની શુભ પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરુપદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રીહરિના દિવ્ય અલૌકિક ચરણોથી અંકિત પ્રસાદીનું શ્રી સ્વામિનારાયણ મંદિર રામબાગ ખાતે તા. ૮-૮-૧૭ થી તા. ૧૪-૮-૧૭ પર્યન્ત રાત્રીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વા. વાસુદેવચરણદાસજી (કાંકરિયા)ના સમધુરકંઠે પહાડી સૂરમાં સંગીતના તાલે ધામધૂમથી સંપન્ન થઈ. જેના યજમાન પદનો લાભ અ.નિ. પ.ભ. નારણભાઈ મોતીભાઈના સ્મરણાર્થે તેમના પુત્ર પ.ભ. ગોકુલેશભાઈ પરિવારે લીધો હતો. કાંકરિયા-મણીનગર વિસ્તારના હજારો શ્રોતાઓએ રાત્રીય કથાનમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરી ધન્ય ધન્ય બન્યા હતા. કથા વિરામ બાદ સૌને સુંદર અલ્પાહાર-પ્રસાદરૂપે જમાડવામાં આવેલ. સમગ્ર આયોજનમાં મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ બાપૂ સ્વામી, પૂજારી શ્રીજી સ્વામી, ચૈતન્ય સ્વામી આદિ સંત મંડળ અને મહંત સ્વામીના હેતરૂચિ વાળા ગામોના ભક્તોએ સેવામાં લાભ લીધો હતો. આ પ્રસંગે ધામોધામથી સંતો પણ પધાર્યા હતા.

તા. ૧૩-૮-૧૭ ને રવિવાર પવિત્ર શ્રાવણ માસમાં નિજ મંદિર ખાતે ભોળનાથ શ્રી મહાદેવજીને લઘુરૂદ્ર યજ્ઞ ભૂદેવો દ્વારા વિધિવત રીતે સંપન્ન થયો હતો. અનેક ભક્તોએ આવા સુંદર દર્શનનો લાભ લીધો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - કાંકરિયા)

**પવિત્ર શ્રાવણ માસમાં જેતલપુરધામમાં હિંડોળા દર્શન-કથા અને શ્રીકૃષ્ણ જન્માષ્ટમી**

પરમકૃપાળુ સંકલ્પ મૂર્તિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રેના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા મહંતશ્રી કે.પી. સ્વામીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર ધામમાં પવિત્ર શ્રાવણ માસમાં શ્રીહરિને સુંદર અવનવા અલૌકિક હિંડોળા બનાવીને ઝુલાવવામાં આવ્યા હતા. સાથે સાથે ભવ્ય દ્વાદશ જ્યોર્તિલિંગના દર્શનનું પણ સુંદર આયોજન થયું હતું. હજારો ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

